સત્ય, નિડર અને નિષ્પક્ષ અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

# કર્ણાવતી મેટ્રો

KARNAVATI METRO DAILY

RNI No. : GUJGUJ/2011/40646 ★ વર્ષ-૯ ★ અંક-૧૦૫ ★ તા. ૧૨-૦૨-૨૦૨૦ ★ બુધવાર ★ પાના-૪ ★ કિંમત રૂા. ૧-૦૦ ★ વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : મનોજ પ્રજાપતિ, - કાર્યાલય : ૫૬, કાપડીયા એસ્ટેટ માર્કેટ, રતનપોળ, ગોલવાડ, અમદાવાદ. મો. : ૮૭૫૮૨૦૬૩૭૧ Email:karnavtimetro1@yahoo.in ★ ન્યાય ક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે

વ્હાઈટ હાઉસ દ્વારા જાહેરાત થતા અટકળોનો અંત

# ડોનાલ્ડ ટ્રમ્પની ભારત યાત્રા કાર્યક્રમની અંતે જાહેરાત થઇ

## ટ્રમ્પની સાથે ફર્સ્ટ લેડી પણ રહેશે : અમદાવાદમાં ભવ્ય કાર્યક્રમ અને સ્વાગત માટેની તૈયારી : સંબંધો વધુ મજબુત

વોશિંગ્ટન,તા. ૧૧

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતની ઐતિહાસિક પ્રથમ યાત્રાએ આવી રહ્યા છે. તેમની હાઈપ્રોફાઈલ ભારત યાત્રા ૨૪મી ફેબ્રુઆરીના દિવસથી શરૂ થઈ રહી છે. બે દિવસની ભારત યાત્રા દરમિયાન ટ્રમ્પ નવી દિલ્હી અને અમદાવાદમાં રહેશે. તેમની ભારત યાત્રાથી સંબંધ નવી ઉંચાઈ પર પહોંચે તેવા સંકેત છે. ટ્રમ્પની ભારત યાત્રાને લઈને તમામ તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી છે. આજે સવારે વ્હાઈટ હાઉસ દ્વારા કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી અને વ્હાઈટ હાઉસ દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ટ્રમ્પની સાથે ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પ પણ આવશે. તેઓ ૨૪-૨૫મી ફેબ્રુઆરીના દિવસે ભારતમાં રહેશે. તેમણે કહ્યુ હતુ કે ટ્રમ્પ અને મોદી વચ્ચે આ સપ્તાહમાં જ ફોન પર વાતચીત થઈ છે. મોદીના વતન રાજ્ય ગુજરાત અને અમદાવાદમાં ટ્રમ્પના કેટલાક કાર્યક્રમ છે. ટ્રમ્પથી પહેલા અમેરિકાના પ્રમુખ રહેલા બરાક ઓબામાએ વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૫માં ભારતની યાત્રા કરી હતી. ૧૬મી જાન્યુઆરીના દિવસે વિદેશ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું હતું કે, ટ્રમ્પની સૂચિત ભારત યાત્રાનો કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો છે. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં હ્યુસ્ટનમાં હાઉડી મોદી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટ્રમ્પ પોતે પણ ઉપસ્થિત રહ્યા હતા. તે વખતે મોદીએ ટ્રમ્પ અને તેમના પરિવારને ભારત આવવા આમંત્રણ આપ્યું હતું.

ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણી પણ પોતાના ભાષણમાં કહી ચુક્યા છે કે, ટ્રમ્પ ગુજરાતમાં સાબરમતીની મુલાકાત પણ લેનાર છે. બંને નેતાઓ ફ્રાંસમાં જી-૭ની બેઠકમાં પણ ગયા વર્ષે ઓગસ્ટમાં મળ્યા હતા. ભારત અને પાકિસ્તાન વચ્ચે જોરદાર વિખવાદ છે ત્યારે આ યાત્રા ઉપર દુનિયાની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ હેલિકોપ્ટર મારફતે પહોંચશે તેવું આયોજન થઈ રહ્યું છે. ટ્રમ્પના અમદાવાદ કાર્યરક્રમને ધ્યાનમાં રાખીને ૨૫ હજારથી પણ વધુ સુરક્ષા જવાનો ગોઠવવામાં આવનાર છે. ફેબ્રુઆરી મહિનાના અંતમાં અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરાના લોકાર્પણ અર્થે આવવાના હોઈ તેને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ અને રાજય સરકારી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ખાસ કરીને મોટેરા અને તેની આસપાસના દસ કિલોમીટરના વિસ્તારમાં પોલીસ અને તંત્રના માણસો દ્વારા એક પ્રકારે કહીએ તો, ઝીણવટભર્યુ સ્કેનીંગ અને સઘન ચેકીંગ ચાલી રહ્યા છે. તંત્ર દ્વારા લોખંડી સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરવાની તજવીજ હાથ ધરી છે. ટ્રમ્પ અને મોદીની મુલાકાત ટાણે મોટેરા અને તેની આસપાસનો દસ કિમીનો વિસ્તાર અભેદ્ય લોખંડી કવચમાં ફેરવાઈ જશે. આ બંને મહાનુભાવોની આગામી મુલાકાતને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને રાતોરાત રોડ, રસ્તા, ફુટપાથ, દિવાલોને રંગરોગાન સહિતની સુવિધાઓ તાત્કાલિક ઉપલબ્ધ બનાવી દેવાઈ છે. તો, વિશ્વના સૌથી મોટા એવા મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં અત્યારથી જ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સ્ટેડિયમની અંદરના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિને પાસ વગર પ્રવેશ કરવા દેવામાં આવતો નથી. તેમજ જે રૂટ પરથી ડોનાલ્ડ ટ્રમ્પ અને મોદી પસાર થવાના છે તે તમામ જગ્યાના રેસિડેન્ટ એરિયાનું સ્કેનીંગ કરવામાં આવી રહ્યું છે. ભાટ રોડથી શરૂ કરીને સાબરમતી ટોલનાકા, પરિમલ અને કોટેશ્વર વાળો રોડ, મોટેરા ગામ અને સ્ટેડિયમ સહિત અંદાજે ૧૦ કિલો મીટર જેટલા વિસ્તારનું સ્કેનિંગ કરવામાં આવી રહ્યું છે. સ્ટેડિયમની આસપાસના તમામ બંગલોઝ, સોસાયટી, ફ્લેટ, ચાલી અથવા તો સીંગલ મકાન હોય તેનો સર્વે કરવામાં આવી રહ્યો છે. આ સર્વે ચાંદખેડા પોલીસ, સાબરમતી પોલીસ તેમજ ઝોન-૨નો પોલીસ સ્ટાફ ઘરે ઘરે જઈ કરી રહી છે. ઘરમાં કેટલા સભ્યો છે, ક્યાંના રહેવાસી છે, કેટલા સમયથી રહે છે, ભાડૂઆત છે કે પોતાનું મકાન છે?, ભાડૂઆત છે તો કેટલા સમયથી રહે છે તેની પોલીસ સ્ટેશનમાં નોંધ કરી છે કે કેમ તે તમામ વિગતો મેળવી તેનો ડેટા બનાવવામાં આવી રહ્યો છે.

દિલ્હી ચૂંટણીના પરિણામ દિવસે સેંસેક્સ ૪૧૨૧૬ની સપાટીએ

# જોરદાર લેવાલીની વચ્ચે સેંસેક્સ ૨૩૭ પોઈન્ટ ઉછળીને બંધ રહ્યો

## એનટીસીપી, મારુતિ સુઝુકી, પાવરગ્રીડ સહિત કેટલાક શેરમાં ૧.૬-૩ ટકા વચ્ચે ઉછાળો : ટીસીએસ, એરટેલના શેરોમાં કડાકો : મંદી પર ફરીવાર બ્રેક

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ,તા. ૧૧

શેરબજારમાં છેલ્લા બે સેશનમાં મંદી રહ્યા બાદ આજે ફરી એકવાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. ચીનમાં કોરોના વાયરસના થઈ રહેલા કેસોના રેટમાં ઘટાડો થતાં રોકાણકારોને રાહત થઈ છે. આજે વ્યાપક લેવાલી જુદા જુદા સેક્ટરોમાં જોવા મળી હતી જેથી બેંચમાર્ક સેંસેક્સ ઉચકાયો હતો. સેંસેક્સ ૨૩૭ પોઈન્ટ ઉછળીને ૪૧૨૧૬ની સપાટીએ રહ્યો હતો. એનટીપીસી, મારુતિ સુઝુકી, પાવરગ્રીડ અને ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં ૧.૬થી ૩ ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો. નેસ્લે, ભારતી એરટેલ, ટીસીએસના શેરમાં ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ઈન્ડેક્સમાં ૭૬ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૨૧૦૮ રહી હતી. ઈન્ટ્રાડેના ગાળા દરમિયાન સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ઉલ્લેખનીય સુધારો રહ્યો હતો. દિલ્હીમાં ચૂંટણી પરિણામ એકતરફીરીતે એએપીની તરફેણમાં આવ્યા બાદ તેની પણ અસર શેરબજારમાં રહી હતી. સેકટરલ મોરચા ઉપર એકમાત્ર નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો તેમાં ૦.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો.

બીજી બાજુ નિફ્ટી બેંક, ફાર્મા, મેટલ અને પ્રાઈવેટ બેંક ઈન્ડેક્સમાં ૦.૮ ટકાનો ઉછાળો રહ્યો હતો. વૈશ્વિક બજારમાં પણ આજે તેજી જામી હતી. બ્રોડર માર્કેટ કાઉન્ટરોમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૩૫ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૫૮૩૬ રહી હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં સપાટી ૧૪૭૪૮ રહી હતી. કોમોડિટીના મોરચા પર તેલ કિંમતોમાં આજે એક ટકાનો ઉછાળો રહ્યો હતો. બ્રેન્ટ ક્રુડની કિંમતમાં એક ટકાનો ઉછાળો નોંધાતા તેની કિંમત બેરલદીઠ ૫૩.૮૦ રહી હતી. ડિસેમ્બર ત્રિમાસિક ગાળાની કમાણીની સિઝનમાં છેલ્લા સપ્તાહમાં ૨૩૩૦ જેટલી કંપનીઓ આ સપ્તાહમાં તેમના આંકડા જારી કરનાર છે. પીએફસીના પરિણામ બુધવારના દિવસે તથા બીપીસીએલ, નેસ્લે ઈન્ડિયા, પેજ ઈન્ડસ્ટ્રી અને વોડાફોનઆઈડિયાના પરિણામ ગુરુવારના દિવસે જાહેર કરાશે. બાલાકૃષ્ણ ઈન્ડસ્ટ્રી અને ગ્લેનમાર્ક ફાર્મા તેમજ સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પરિણામ શુક્રવારના દિવસે જારી કરાશે. માર્કેટ સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, કોર્પોરેટ જગતની નજર જાહેર કરવામાં આવનાર સીપીઆઈ અને ડબલ્યુપીઆઈ ફુગાવા ઉપર પણ રહેશે. કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ ડેટા અને આઈઆઈપી ડેટા ૧૨મી ફેબ્રુઆરીના દિવસે જારી કરાશે. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ૧૪મી ફેબ્રુઆરીએ કરાશે. ભારતમાં હોલસેલ કિંમતો ડિસેમ્બર ૨૦૧૯માં વાર્ષિક આધાર પર ૨.૫૯ ટકા વધી ગઈ છે.આજે દિવસ દરમિયાન શેરબજારમાં ફરી એકવાર તેજી રહી શકે છે. કોરોના વાયરસની અસર વચ્ચે શેરબજારમાં ગઈકાલે તેની અસર જોવા મળી હતી. બીએસઈ સેંસેક્સ ૧૬૨ પોઈન્ટ ઘટીને ૪૦૯૮૦ની સપાટીએ રહ્યો હતો. આ સેશનમાં ઈન્ડેક્સમાં ૩૭૩ પોઈન્ટ ઉથલપાથલ જોવા મળી હતી. નિફ્ટી ઈન્ડેક્સ ૬૭ પોઈન્ટ ઘટીને ૧૨૦૩૨ની નીચી સપાટીએ રહ્યો હતો.

નવી નોટ ટૂંકમાં જ સરક્યુલેશનમાં આપી દેવાશે

# ટૂંક સમયમાં એક રૂપિયાની નવી નોટ જારી કરવા તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા. ૧૧

આરબીઆઈ દ્વારા જુદી જુદી કિંમતોની નવી નોટ લાવ્યા બાદ હવે એક રૂપિયાની નવી નોટ લાવવાની તૈયારી કરી લીધી છે. કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જ એક રૂપિયાની નવી નોટ જારી કરશે. એક રૂપિયાની નોટ કેન્દ્રીય નાણામંત્રાલય પ્રકાશિત કરે છે જ્યારે અન્ય નોટ આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવે છે. એક રૂપિયાની નવી નોટમાં ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાની ઉપર ભારત સરકાર લખેલું રહેશે. આ નવી નોટ પર નાણામંત્રાલયના સચિવ અતનુ ચક્રવર્તીના હસ્તાક્ષર રહેશે. એક રૂપિયાના સિક્કાઓને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. આરબીઆઈ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, એક રૂપિયાને બાદ કરતા અન્ય તમામ નોટ આરબીઆઈ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. પહેલા ત્રણ આલ્ફા ન્યુમેરિક નંબરના આકાશ સમાન રહેશે.

નોટની પાછળ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાની ઉપર ભારત સરકાર પ્રકાશિત થશે. સાથે સાથે વર્ષ ૨૦૨૦ અને અન્ય સિમ્બોલ રહેશે. નવી નોટ જોવામાં પર્ણરીતે પિંકગ્રીન લાગશે નહીં. નવી નોટને લઈને ઉત્સુકતાઓમાં વધારો થઈ રહ્યો છે. આ એક રૂપિયાની નવી નોટમાં મલ્ટીટોનલ વોટર માર્કના નિશાન રહેશે.

અત્રે નોંધનીય છે કે, નોટબંધી બાદથી રૂપિયા ૫૦૦ અને ૨૦૦૦ની નવી નોટો આવી ચુકી છે. આ ઉપરાંત રૂપિયા ૧૦૦ અને ૨૦૦ની નવી નોટ પણ આવી ચુકી છે. ૨૦, ૧૦ રૂપિયાની પણ આવી ચુકી છે. હવે એક રૂપિયાની નવી નોટ આવ્યા બાદ નાના કારોબારીઓ અને ગરીબ મધ્યમ વર્ગના લોકોને જુદી જુદી જગ્યા પર આપવામાં થતી તકલીફનો નિકાલ આવશે. પેટ્રોલ પંપ ઉપર પણ આ પ્રકારની નોટના કારણે મુશ્કેલી નડતી રહે છે જેની નોંધ લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કોરોના વાયરસગ્રસ્ત લોકોની સંખ્યા ૪૩૧૦૧

# કોરોના વાયરસથી ચીનમાં મૃતાક વધીને ૧,૦૧૮ થયો

## ગંભીર હાલતમાં રહેલા દર્દીઓની સંખ્યા ૭૩૪૫ નોંધાઈ

## સ્વસ્થ થયા બાદ ૫૦૬૧ લોકોને હોસ્પિટલથી રજા મળી

ચીનમાં જીવલેણ બનેલા કોરોના વાયરસના કારણે મોતનો આંકડો ચિંતાજનકરીતે અને ઝડપથી વધી રહ્યો છે. કોરોના વાયરસના કારણે હવે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૪૩૧૦૧ સુધી પહોંચી ગઈ છે. જ્યારે ગંભીર હાલતમાં રહેલા દર્દીઓની સંખ્યા હાલમાં ૭૩૪૫ જેટલી રહેલી છે. મોતનો આંકડો પણ ઝડપથી હવે ૧૦૦૦થી ઉપર પહોંચી ગયો છે. રિકવર થયા બાદ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં જેટલી નોંધાઈ છે. ચીનના જુદા જુદા પ્રાંતમાં કોરોના વાયરસ હજુ બેકાબુ છે. ચીન સરકાર દ્વારા યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં વાયરસ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો નથી. જે દર્દી ગંભીર છે તે પૈકી અનેક જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. ચીનમાં હુબેઈ પ્રાંતમાં સૌથી વધારે અસરગ્રસ્ત લોકો છે. સાથે સાથે મોતનો આંકડો પણ અહીં જ સૌથી વધારે નોંધાયો છે. બચાવ અને રાહત કામગીરીમાં આરોગ્ય કર્મચારીઓ એટલી હદ સુધી લાગેલા છે કે તેમને જોઈને સલામ કરી શકાય છે. માસ્ક પહેરી પહેરીને તેમના ચહેરા પર ઘા થઈ ગયા છે. ઘાના નિશાન થઈ ગયા છે. નવા કેસોની સંખ્યા પણ રેકોર્ડ ગતિથી વધી રહી છે. સૌથી વધારે અસરગ્રસ્ત એવા વુહાનને દેશના બાકીના હિસાથી હાલ અલગ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચીને પણ હવે કબુલાત કરી છે કે ફલુ જેવા ઈન્ફેક્શનને રોકવા માટે કેટલીક તકલીફ થઈ રહી છે. કોરોના વાયરસનો આંતક હાલ જારી રહી શકે છે. કારણ કે આના કારણે હજુ અસરગ્રસ્તો પૈકી હજારો લોકોની હાલત ગંભીર બનેલી છે. લોકો પરેશાન છે. ચીનમાં આરોગ્ય તંત્ર આ કોરોના વાયરસની સામે નિસહાય છે.

કોરોના વાયરસની અસર સૌથી ઓછી નોંધાઈ છે

# કોરોના વાયરસના લીધે સ્ટોક માર્કેટને શોર્ટ ટર્મ ફાયદો રહેશે

નવી દિલ્હી,તા. ૧૧

કોરોના વાયરસથી સ્ટોક માર્કેટને શોર્ટ ટર્મ ફાયદો થઈ શકે છે. આના માટે જુદા જુદા પરિબળોને જવાબદાર ગણવામાં આવે છે. ભારતના જીડીપી ગ્રોથને વધારી દેનાર સ્થાનિક પરિબળો રહેલા છે. સાથે સાથે ટોપ ટેન સેક્ટર્સમાં ચીનની સાથે તેના નેટ ટ્રેડ બેલેન્સ જીડીપી ટકાવારીની દ્રષ્ટિથી ૨૧ ટકાની વચ્ચે છે. ગ્લોબલ જીડીપી અને ગ્લોબલ ટ્રેડમાં ચીનની ભાગીદારી ક્રમશ ૧૬ અને ૧૯ ટકા છે. ઈમર્જિંગ માર્કેટમાં ભારતીય ઈક્વિટી માર્કેટનુ આકર્ષણ શોર્ટ ટર્મ વધી શકે છે. એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા પર કોરોના વાયરસની અસર સૌથી ઓછી થઈ છે. ભારતના જીડીપી ગ્રોથને પ્રોત્સાહન આપનાર ફેકટર્સ સ્થાનિક છે. ટોપ ૧૦ સેકટર્સમાં ચીનની સાથે ગણતરી કરવામાં આવી રહી છે. જ્યાં સુધી એશિયન દેશોની વાત છે તો ચીનની સાથે તેમના નેટ ટ્રેડ બેલેન્સ એકથી ૨૧ ટકા વચ્ચે છે. ગ્લોબલ જીડીપી અને ગ્લોબલ ટ્રેડમાં ચીનની ભાગીદારી ક્રમશ ૧૬ અને ૧૯ ટકા રહેલી છે. ચીનમાં લોકડાઉન કેટલા સમય સુધી રહી શકે છે. તેનો અંદાજ લગાવવા માટે નિષ્ણાંતો આ બાબત પર નજર રાખી રહ્યા છે કે ફ્રેશ વાયરસના કેસોમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. જો નવા કેસોની સંખ્યા ઘટે છે તો અનુમાન લગાવી શકાય છે કે ઈકોનોમી પર તેની માઠી અસર થનાર છે. નોમુરાના કહેવા મુજબ કોરોના વાયરસ ઈન્ફેક્શનના નવા મામલા સપાટી પર આવી રહ્યા છે.

ફાયનાન્સિયલ મિડિયાથી નવી સુસ્તી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે.ચીનની જીડીપી ગ્રોથ ૨૦૦ બેઝિક પોઈન્ટ ઘટી ગઈ છે. ક્રુડ ઓઈલ સસ્તા થવાના સંકેત થઈ ગયા છે. દુનિયાભરમાં ક્રુડ ઓઈલની કિંમતમાં ઘટાડો થઈ રહ્યો છે. કોરોના વાયરસના કારણે ચીનની હાલત ખરાબ છે.

## ગ્લોબલ જીડીપી તેમજ ગ્લોબલ ટ્રેડમાં ચીનની ભાગીદારી ક્રમશ ૧૬ અને ૧૯ ટકા છે : ઈન્ફેક્શનના કેસોમાં ઘટાડો

# બજારની અકળ ગતિ

ભારતીય અર્થતંત્ર બેઠું ન થાય એ માટે શત્રુઓ સક્રિય છે અને એનાથી ભાજપ સરકાર અજ્ઞાત ન હોવા છતાં સજાગ નથી. ઓનલાઈન બજારનું વાસ્તવિક બજારો પર ભીષણ આક્રમણ ચાલુ છે અને એમાં અનેક મલ્ટીનેશનલ કંપનીઓ જોડાયેલી છે. ભાજપ સરકાર એકલી આ વર્તમાન મંદી માટે જવાબદાર નથી. ભાજપની ભૂલો છે અને ગંભીર પ્રકારની જગજાહેર ભૂલો છે. પરંતુ પરદા પાછળના વ્યાપારિક વિદેશી આક્રમણો પણ ઓછા નથી.આજકાલ કેટલીક નામી ઓનલાઈન કંપનીઓ ભારતમાં ખોટ ખાઈનેય પોતાના વ્યાપારનું ટર્નઓવર કે વોલ્યુમ વધારી રહી છે. અફીણ જેવું ઓનલાઈનનું વ્યસન ભારતીય બુનિયાદી બજારોને અતિશય નુકસાન કરી રહ્યું છે. જેની સામે સરકાર સ્વયં પણ દિગ્મૂઢ છે. ગયા વરસે એક વિખ્યાત ઓનલાઈન કંપનીએ એના ભારતના વ્યાપારમાં ૨૦૧૮-૧૯ માં રૂપિયા સાત હજાર કરોડની કુલ ખોટ કરી છે. આ ચાલુ નાણાંકીય વરસની ખોટ પણ ૬૦૦ કરોડ સુધી તો પહોંચી ગઈ છે.આ ખોટનું મુખ્ય કારણ એ છે કે ભારતીય પ્રજાને ઓનલાઈનની ટેવ પાડવા અને બુનિયાદી ભારતીય બજારોને ખતમ કરવા માટે આ કંપનીઓ એક તો બલ્કમાં ખરીદી કરવા ઉત્પાદકો પાસેથી બહુ સસ્તી અને નીચી કિંમતે માલ ઉપાડે છે અને પછી તે પોતાની પડતર કિંમતથીય ખોટ ખાઈને વધુ નીચા ભાવે ઓનલાઈન માલ વેચે છે. એટલે એમને હજારો કરોડની ખોટ ભોગવવાની આવે છે જે તેઓ હરખથી ભોગવે છે. કારણ કે અફીણનો નશો એનો રંગ બતાવ્યા વિના રહેતો નથી.આજે ભારતીય બજારોમાં ઓનલાઈન શોપિંગની વૃત્તિ ધરાવતા જનમાનસને કારણે વિકરાળ પરિણામો હવે સપાટી પર જોવા મળવા લાગ્યા છે.

# તંત્રી લેખ.....

## મંદીના ડાકલા

છેલ્લા ઘણાં વર્ષો પછી ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રમાં સમાંતર અને સામટી મંદીના ભણકારા વાગી રહ્યા છે. દેશના વેપારી મહામંડળોમાં અત્યારે એક હવા ફેલાયેલી છે કે અસ્તિત્વ ટકાવવાના સંઘર્ષમાં મૂડી ગુમાવવી ન પડે તેની સાવધાની રાખવી. કારણ કે આવનારા એક વર્ષમાં ભલભલા ઉદ્યોગો ફેંકાઈ જવાની આગાહીઓ બજારમાં તરવા લાગી છે. મોટરકારોની કેટલીક વિદેશી કંપનીઓએ ભારતમાં ઉત્પાદન અને વેચાણ બંધ કરવાનો નિર્ણય લીધો છે. એજ રીતે ટુ-વ્હીલર અને ફોર વ્હીલરનો ઉપાડ પણ પાછલા વર્ષોની તુલનામાં ૩૦થી ૪૦ ટકા જેટલો ઘટી ગયો છે. સામાન્ય રીતે માર્ચથી જુલાઈ વચ્ચેના સમયગાળામાં વિવિધ ત્રાજવે બજારને તોળવાની એક પરંપરા છે. આ વખતની તુલામાં મંદીનું પલ્લુ ભારે દેખાય છે. એને કારણે વેપારીઓ અને ઉદ્યોગપતિઓમાં પણ એક પ્રકારનો ગુપ્ત ભય અનુભવાતો જોવા મળે છે.નમૂનારૂપે એન્જિનિયરિંગ ઉદ્યોગની વાત કરીએ તો જેને મોટી માછલી કહેવાય એવા ઉદ્યોગો પોતાની પાસેના કામની વહેંચણી અન્ય અનેક નાના ઉદ્યોગોમાં કરતા હતા. હવે પરિસ્થિતિ એ આવી છે કે એ મોટી માછલીઓ પાસે કામ જ એટલું ઓછું આવે છે કે એની પોતાની મશિનરી અને સ્ટાફ એને પહોંચી વળે છે, જેને કારણે નીચેના પોતાની સાથે સંબંધ ધરાવતા અન્ય ઉદ્યોગોની શ્રૂંખલાને તેઓ કામ આપતા નથી. આ સ્થિતિને કાયમી માની લેવાની ભૂલ સોશ્યલ મીડિયા કરે છે. દર વર્ષે મહિનો-બે-મહિના તો આવી પરિસ્થિતિ આવતી જ હોય છે. ધમધોકાર તેજીમાં પણ ગોડાઉનોમાં માલનો ભરાવો થાય છે અને સ્ટોક ક્લીયરન્સ માટે માર્કેટિંગ યોજનાઓ તરતી મુકીને વેચાણ પ્રોત્સાહનના પગલા લેવામાં આવે છે. ભારત દર વખતે ભયાનક મંદીમાંથી બચી જાય છે એનું એકમાત્ર કારણ એ છે કે આપણી જનસંખ્યા બહુ વિરાટ છે.જેમ શેરબજારમાં તેજીના ખેલાડીઓ કરતા મંદીના ખેલાડીઓ વધુ હોશિયાર હોય છે. તે જ રીતે અત્યારે ભારતીય બજારમાં એટલે કે રિયલ માર્કેટમાં મંદીના ખેલાડીઓ સક્રિય થઈ ગયા છે, મંદીની હવાને એ લોકો જ વેગ આપે છે. એ વાત નક્કી છે કે પાછલા વર્ષોમાં એનડીએ સરકારના કેટલાક ખોટા નિર્ણયોને કારણે બજારમાં રૂપિયો ફરતો બંધ થઈ ગયો હતો. નોટબંધી અને જીએસટી તો એવા આઘાત છે કે પ્રાથમિક શાળામાં એનો નિબંધ પુછવામાં આવે તો પણ વિદ્યાર્થીઓ પારાવાર વિગતો સાથે લખી શકે. કારણ કે એ ઘરે ઘરે ગુંજતી થયેલી કરૂણાંતિકા છે.એનડીએ સરકારની નવી ઈનિંગમાં વડાપ્રધાન મોદીને પુનઃસત્તારોહણ કરાવનારી ભારતીય પ્રજાને એમના તરફથી તરતના કોઈક સકારાત્મક પડઘાની અપેક્ષા હતી જે માટે બહુ ઊંડે સુધી ડૂબકી મારીને લોકોએ બજેટના પાનાઓ ફંફોસ્યા પરંતુ એમાં રાયના દાણા જેટલી પણ હૂંફ પ્રાપ્ત નહીં થઈ હોવાનો જે આઘાત પ્રજામાનસમાં અને બજારમાં ફેલાયો તેના પ્રત્યાઘાત સ્વરૂપે પણ મંદીની વાતને અત્યારે પદ્ધતિસરની હવા આપવામાં આવી રહી છે.ઓટોમોબાઈલ્સની લીડરશિપમાં જ હવે કાપડ ઉદ્યોગ અને હીરા ઉદ્યોગ અંગે પણ મંદીના ડાકલા વાગવા લાગ્યા છે. હજુ આમાં રેડીમેઈડ ગાર્મેન્ટ, કોસ્મેટિક્સ, વાયદા બજાર, પામોલીન, કપાસ એમ બીજા કેટલાક પણ ઉમેરાશે.

## મુસ્લિમ મહિલાઓ માટે ન્યાયની શરૂઆત કે જુલમનો કાયદો?

એનડીએ સરકાર તરફથી બીજી વખત રજૂ કરાયેલું ટ્રિપલ તલાક બિલ રાજ્યસભામાં પસાર થઈ ગયું છે. જે રાષ્ટ્રપતિની મંજૂરી બાદ કાયદો બનશે.ટ્રિપલ તલાક બિલ એક ઐતિહાસિક જીત છે. જે કામ ઉલેમાઓ અને મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડે કરવાનું હતું તે સરકારે કર્યું છે.આ શબ્દો છે ઑલ ઈન્ડિયા મુસ્લિમ વુમન પર્સનલ લૉ બોર્ડનાં અધ્યક્ષ શાઈસ્તા અંબરના.તેમનું કહેવું છે કે તલાક-એ-બિદત, જે અલ્લાહને પણ પસંદ નથી તેને પ્રોત્સાહન આપવામાં આવ્યું. સુપ્રીમ કોર્ટની મનાઈ છતાં દેશમાં ટ્રિપલ તલાકની પ્રથા ચાલતી રહી.તેઓ કહે છે, હવે કાયદો બની ગયા બાદ ટ્રિપલ તલાક આપનારાએ વારંવાર વિચારવું પડશે.ભલે આમાં ગુનાહિત મામલાની વાત હોય પરંતુ ખલીફા ઉમરે મહિલાઓના સંબંધમાં સો ચાબુક મારવાની વાત કહી હતી તેને વાસ્તવમાં ટ્રિપલ તલાક દ્વારા પૂરી કરવામાં આવી રહી હતી.ટ્રિપલ તલાકની વ્યવસ્થાનો દુરુપયોગ થઈ રહ્યો હતો. જે લોકોએ આ વ્યવસ્થાનો દુરુપયોગ કર્યો છે તેમના માટે આ એક ચેતવણી છે.સામાજિક કાર્યકર્તા અને ભારતીય મુસ્લિમ મહિલા આંદોલનનાં સંસ્થાપક ઝાકિયા સોમણનું કહેવું છે કે આ એક ઐતિહાસિક ઘડી છે. આઝાદીનાં ૭૦થી વધુ વર્ષો બાદ પણ મુસ્લિમ મહિલાઓ આ અન્યાયથી પીડાઈ રહી છે.તેમણે કહ્યું, જ્યાં સુધી મુસ્લિમ મહિલાનાં પરિવાર, લગ્ન અને છૂટાછેડાની વાત છે તેમાં કોઈ કાયદો નથી. જેથી આ પ્રક્રિયા માટે ટ્રિપલ તલાકનો કાયદો એ પ્રથમ પગથિયું છે.આપણા દેશમાં જે પ્રકારનું રાજકારણ ચાલે છે તેના કારણે મુસ્લિમ મહિલાઓને પારિવારિક બાબતોમાં બંધારણના અધિકાર મળી શક્યા નથી.જેમ કે હિંદુ મહિલાઓને હિંદુ મૅરેજ ઍક્ટ અને ખ્રિસ્તી મહિલાઓને ખ્રિસ્તી મૅરેજ ઍક્ટ અને ઈન્ડિયન ડિવૉર્સ ઍક્ટનું સંરક્ષણ હાંસલ છે.

## કર્ણાવતી મેટ્રો

**આપના લખાણ દ્વારા આપના અવાજને વાચા આપો.....આપે શું કરવાનું રહેશે.**

આપની સોસાયટી, આપની પોળ, ચાલી, આપના વિસ્તારોના પ્રશ્નો, સમસ્યાઓ, કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરે લખી મોકલવાની રહેશે, આપ આપના નિવેદનો, તંત્રીને પત્રો, ટુંકા લેખો, સમસ્યા અને પ્રશ્નોની છણાવટ કરી રજુઆત સત્વરે મોકલો.

આપના લખાણ કર્ણાવતી મેટ્રો દૈનિકમાં છપાશે. ઓછા શબ્દે ધારદાર કામની કેડી કંડારો, વીજળી, પાણી, રસ્તા, અનાજ, કેરોસીન, જીવન જરૂરિયાતની ચીજવસ્તુના ભાવ, અસામાજિક પ્રવૃત્તિઓ, પ્રદુષણ અને એવી અનેક સમસ્યાઓની ધારદાર રજુઆત કરો. સત્વરે કલમ ઉપાડો....લખો....અને મોકલો.....નગરના કોઈપણ વિસ્તારના નગરજનોને સળગતી સમસ્યાઓ બાબતે જાગૃતિ કેળવવા માટે.

**"કર્ણાવતી મેટ્રો દૈનિક" કાર્યાલય ૫૬, કાપડીયા એસ્ટેટ માર્કેટ ગોલવાડ, રતનપોળ, અમદાવાદ MO : 8758206371**

# 'બ્લિડ ઈન્ડિયા'નો જવાબ 'ડિવાઈડ પાકિસ્તાન'

મજબૂત પાકિસ્તાન ભારતના જ નહીં, દુનિયાના હિતમાં નથી.ભારત અને હિંદુઓના વિરોધની માનસિકતાવાળા મુસ્લિમ લીગી મુસ્લિમો દ્વારા પાકિસ્તાન બનાવવામાં આવ્યું હતું. ૧૪ ઓગસ્ટ-૧૯૪૭થી અસ્તિત્વમાં આવેલા પાકિસ્તાનને તેની રચનાના સાત દાયકા બાદ પણ પાકિસ્તાની સેના અને આઈએસઆઈ તથા તેના દ્વારા પેદા કરવામાં આવેલા જેહાદી ટેરર નેટવર્કના આધારે ભારત વિરોધી માનસિકતાવાળા ઈસ્લામિક અર્થઘટનોથી બાંધી રાખવામાં આવ્યું છે.પાકિસ્તાનની સરકાર અને સેનાનો અર્થ પંજાબી મુસ્લિમોની દાદાગીરી થાય છે. પરંતુ પંજાબી મુસ્લિમો તેને ઈસ્લામનું નામ આપી રહ્યા છે. પંજાબી મુસ્લિમોની આવી ઈસ્લામના નામે થતી દાદાગીરીમાં પાકિસ્તાન તરીકે અસ્તિત્વ ધરાવતા પાડોશી દેશમાં સિંધી, બલૂચી, પખ્તૂન (પઠાણ), મુહાજિર, કાશ્મીરી જેવી પ્રાદેશિક ઓળખોને તો દબાવવામાં આવી છે. પરંતુ તેની સાથે જ ઈસ્લામની અંદર પણ શિયા, હજારા, અફઘાની જેવી ઓળખોને દબાવીને સુન્ની માન્યતાઓને પાકિસ્તાને એક રીતે સ્વીકૃત કરી છે.ઈસ્લામિક દેશ પાકિસ્તાનની હકીકત બદથી બદતર બની ચુકી છે. પાકિસ્તાન દુનિયાની શાંતિ માટે કેન્સર બની ચુક્યું છે. આવા વૈશ્વિક શાંતિને થયેલા કેન્સરની સર્જરીથી ઠીક થવાની પુરી સંભાવના છે. જો કે આ કેન્સર ઠીક જ થઈ જશે તેવી કોઈ ખાત્રી આપી શકે તેમ નથી. ૧૯મી સદીની પાન-ઈસ્લામિક મૂવમેન્ટની અસર બ્રિટિશરોની ગુલામીમાં રહેલા ભારત પર સૌથી વધુ થઈ હતી. વૈશ્વિક મહાસત્તાઓની ભૂરાજકીય રાજરમતની શતરંજમાં ભારતનું ઈસ્લામિક પાન-ઈસ્લામિક મૂવમેન્ટ થકી વિભાજન કરાવવું તેમનો મોટો ખેલ હતો. મહંમદ અલી ઝીણા અને લિયાકત અલી ખાન બંનેએ મેળવેલા ઈસ્ટ પાકિસ્તાન અને વેસ્ટ પાકિસ્તાનને ટુ-નેશન થિયરીના આધારે અસ્તિત્વમાં લાવવામાં આવ્યા હતા. આના માટેનો તર્ક હતો કે હિંદુ અને મુસ્લિમ બંને બે રાષ્ટ્રો છે. જો કે ૧૯૭૧ સુધીમાં તો પાકિસ્તાનના મુસ્લિમ તરીકે એક રાષ્ટ્ર હોવાની હકીકત દુનિયાની સામે બાંગ્લાદેશ તરીકે આવી હતી. પશ્ચિમ પાકિસ્તાનના પંજાબી મુસ્લિમોની સેનાના વર્ચસ્વ વચ્ચે બંગાળી અસ્મિતાને હાંસિયામાં ધકેલીને ચૂંટણીમાં બહુમતી છતાં સત્તા નહીં સોંપવાની કારીગરી કરવામાં આવી હતી. પૂર્વ પાકિસ્તાનમાં પશ્ચિમ પાકિસ્તાનના પંજાબી મુસ્લિમોની સેનાએ બેફામ અત્યાચારો કરીને ૩૦ લાખથી વધુ બંગાળી મુસ્લિમો અને હિંદુઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. પૂર્વ પાકિસ્તાનમાં લાખો મહિલાઓ સાથે પશ્ચિમ પાકિસ્તાની પંજાબી મુસ્લિમોની સેનાઓ દ્વારા બળાત્કારો કરવામાં આવ્યા હતા. આવી ગેંગરેપની ઘટનાઓની કરુણતા એ હતી કે પૂર્વ પાકિસ્તાનની બંગાળી મુસ્લિમ માતા પોતાની પુત્રી પર સામુહિક બળાત્કાર એક પછી એક કરવા માટે પશ્ચિમ પાકિસ્તાની પંજાબી મુસ્લિમ સૈનિકોને વિનંતી કરતી હતી. આનાથી મોટી કરુણતા ઈસ્લામના નામે સ્થપાયેલા પાકિસ્તાનના મુસ્લિમ રાષ્ટ્રવાદની શું હોઈ શકે? પૂર્વ પાકિસ્તાનથી આવતા નિરાશ્રિતોની સંખ્યા વધતા ભારતને માનવતાની સુરક્ષાની નિસ્બત સાથે મજબૂર થઈને બાંગ્લાદેશ મુક્તિ વાહિનીની લડતને ટેકો આપવો પડયો. ભારત સામે પણ ખતરો બની ચુકેલા પશ્ચિમ પાકિસ્તાની પંજાબી મુસ્લિમ સૈનિકોની બર્બરતા સામે નવી દિલ્હીને કાર્યવાહી માટે મજબૂર થવું પડયું.૧૯૭૧ના યુદ્ધમાં ૯૫ હજાર પાકિસ્તાની સૈનિકોના સરન્ડરની નામોશી બાદ ભારતની સામે બદલો લેવા માટે પાકિસ્તાની મિલિટ્રી એકેડમીમાં ભારતને ૧૦૦૦ હજાર ઘા કરીને રક્તરંજિત કરવાની મનસા ધરાવતી બ્લિડ ઈન્ડિયા પોલિસી બનાવવાં આવી. પાકિસ્તાનના લોકો, પાકિસ્તાની સેનાનું ઈસ્લામીકરણ અને તાલિબાનીકરણ જનરલ ઝીયા ઉલ હકના શાસનકાળમાં કરવામાં આવ્યું હતું. તેની સાથે જ બરેલવી સ્કૂલ ઓફ થોટ્સના અનુયાયીઓની વધુ સંખ્યા ધરાવતા પાકિસ્તાનમાં ઝીયાના શાસનકાળમાં જ દેવબંદી સ્કૂલ ઓફ થોટ્સની વિચારધારાને મજબૂત કરવામાં આવી. ભારતમાં પહેલા શીખ ઉગ્રવાદ દ્વારા પંજાબ સળગાવવામાં આવ્યું અને પંજાબના શાંત થયા બાદ કાશ્મીર ખીણમાં હિંદુ કાશ્મીરી પંડિતો પર અત્યાચાર કરીને તેમને વિસ્થાપિત કરવાનું કામ પાકિસ્તાન અને તેના દોરીસંચારવાળા ટેરર નેટવર્ક દ્વારા કરવામાં આવ્યું હતું. કાશ્મીર આજે પણ આતંકની આગમાં સળગી રહ્યું છે. પાકિસ્તાન માત્ર ભારતમાં જ આતંકવાદનું કારણ નથી. પાકિસ્તાનની ઝેરીલી આતંકી માનસિકતા ધરાવતી આઈએસઆઈ અને તેની સેનાના દોરીસંચાર હેઠળ પહેલા અફઘાનિસ્તાન અને બાદમાં ઈરાન અને બાંગ્લાદેશ, મ્યાંમાર અને નેપાળ તથા શ્રીલંકા-માલદીવ જેવા દેશોમાં ઈસ્લામિક આતંકવાદની આગ લગાડવાનું કામ કર્યું હતું. ઝીણાની ઝેરીલી માનસિકતાથી અસ્તિત્વમાં આવેલા પાકિસ્તાનની લિંક વિશ્વમાં કોઈપણ ઠેકાણે બનતી ઈસ્લામિક આતંકવાદની ઘટનામાં છેલ્લા કેટલાક વર્ષોમાં સામે આવી છે. પાકિસ્તાની જેહાદી ટેરર નેટવર્કની લિંક ગ્લોબલ ટેરરિઝમ સાથે પણ જોડાયેલી છે. ઓસામા બિન લાદેનને અમેરિકાએ પાકિસ્તાનના એબટાબાદમાં મોતને ઘાટ ઉતાર્યો હતો. તો સીરિયા અને ઈરાકમાં આતંક ફેલાવનારા આઈએસઆઈએસ સાથે પણ તેની લિંક્સ જોડાયેલી છે. આતંકવાદ જો વૈશ્વિક શાંતિ માટે ખતરો હોય તો તેના ખાત્મા માટે આતંકી નેટવર્કની કરોડરજ્જૂ બનેલા પાકિસ્તાનના ખાત્માનું લક્ષ્યાંક કેમ બનાવાતું નથી? પરમાણુ શક્તિ સંપન્ન પાકિસ્તાનના પાંચ ટુકડા કરીને તેના ન્યૂક્લિયર વેપન્સ વૈશ્વિક મહાસત્તાઓ પોતાના કબજા હેઠળ લઈ લે તેવો સમય હવે પાકી ગયો છે. ભારતમાં લોકોને શીખવાડવામાં આવે છે કે આતંકનો ધર્મ નથી. પરંતુ હકીકત એ છે કે ભારતમાં આતંકને પાકિસ્તાને ધાર્મિક ઓળખ આપી છે. ભારતમાં લોકોને શીખવાડવામાં આવે છે કે મજબૂત પાકિસ્તાન આપણા હિતમાં છે. પરંતુ મજબૂત પાકિસ્તાને જ ભારતને અસ્થિર કરવાની ચાર દાયકાથી આતંકી કોશિશો કરી છે. હવે સવાલ એ છે કે પાકિસ્તાનના પાંચ ટુકડા કેવી રીતે થઈ શકે? પાકિસ્તાનમાંથી બાંગ્લાદેશના અલગથી બાદ આવી જ આકાંક્ષા સતત ઉભી થતી રહી છે. હાલના પાકિસ્તાનમાં નોર્થ-વેસ્ટ ફ્રન્ટિયર પ્રોવિન્સ, પંજાબ, સિંધ, બલુચિસ્તાન અને કરાચી ફેડરલ કેપિટલ ટેરેટરી છે. આ સિવાય પાકિસ્તાન દ્વારા ઓક્ટોબર-૧૯૪૮માં ગેરકાયદેસર રીતે નિયંત્રણમાં કરવામાં આવેલા ભારતના જમ્મુ-કાશ્મીર રાજ્યના પીઓકે, ગિલગિટ-બાલ્ટિસ્તાનનો પણ સમાવેશ થાય છે.મુસ્લિમ રાષ્ટ્રવાદના નામે ૧૯૪૭માં ભારત તોડીને બનાવવામાં આવેલા પાકિસ્તાનમાં હાલ ૯૬.૪ ટકા મુસ્લિમો અને ૩.૬ ટકા અહમદિયા, ખ્રિસ્તી, હિંદુ અને શીખ સહીતની લઘુમતીઓ છે. પાકિસ્તાનની અંદાજે ૨૩ કરોડની વસ્તીમાં મુસ્લિમો ૯૬ ટકા, ખ્રિસ્તી૧.૬ ટકા, હિંદુ-શીખ ૧.૮ ટકા, અહમદિયા ૧.૧ ટકા અને બાકીના બૌદ્ધ, પારસી, બહાઈ સંપ્રદાયના લોકો છે. પરંતુ પાકિસ્તાનના મુસ્લિમ રાષ્ટ્રવાદની હકીકત પંજાબી મુસ્લિમોની દાદાગીરી છે. પાકિસ્તાનમાં ૪૪.૭ ટકા પંજાબી, ૧૫.૪ ટકા પસ્તૂન, સિંધી ૧૪.૧ ટકા, સરૈકી ૮. ટકા, મુહાજીર ૭.૬ ટકા, બલોચી ૩.૬ ટકા અને અન્ય વંશીય ઓળખ ધરાવતા લોકોની ઓળખ ૬.૩ ટકા છે. આ સિવાય પાકિસ્તાનમાં અફઘાની શરણાર્થીઓની ઘણી મોટી સંખ્યા છે.પાકિસ્તાનની રાષ્ટ્રભાષા ઉર્દૂ છે. પરંતુ પાકિસ્તાનમાં તેને બોલનારા લોકોની સંખ્યા માત્ર ૭.૫૭ ટકા છે. સૌથી વધુ ૪૪.૧ ટકા પંજાબી, ૧૫.૪૨ ટકા પશ્તો, ૧૪.૧ ટકા સિંધી, સરૈકી ૧૦.૫૩ ટકા, બલોચી ૩.૫૭ ટકા અને અન્ય ભાષા બોલનારા લોકોની સંખ્યા માત્ર ૪.૬૬ ટકા છે. દુનિયામાં બીજા ક્રમાંકે સૌથી વધુ મુસ્લિમો ધરાવતા પાકિસ્તાનમાં ઈરાન બાદ સૌથી વધુ શિયા મુસ્લિમો પણ વસવાટ કરે છે. પરંતુ ઝીયા ઉલ હકના કાર્યકાળમાં પાકિસ્તાનનું ઈસ્લામીકરણ કરવામાં આવ્યું અને પાકિસ્તાનમાં સાઉદી અરેબિયા અને ઈરાનના સુન્ની-શિયા પોલિટિક્સે ફિરકાપરસ્તીને સૌથી વધુ પ્રમાણમાં કટ્ટર બનાવી હતી. પાકિસ્તાનમાં ૮૦થી ૮૫ ટકા સુન્ની, ૧૦થી ૧૨ ટકા શિયા અને બિનસત્તાવાર રીતે ૨.૩ ટકા અહમદિયા છે. જો કે અહમદિયાઓને ૧૯૭૪માં પાકિસ્તાનના બંધારણ પ્રમાણે પાડોશી દેશમાં બિનમુસ્લિમ જાહેર કરવામાં આવ્યા છે. હવે સ્થિતિ એવી છે કે પાકિસ્તાનના સુન્ની મુસ્લિમ કટ્ટરપંથીઓ દ્વારા શિયાઓના અસ્તિત્વને પણ સમાપ્ત કરવાની કોશિશો શરૂ થઈ છે. તેમને પણ પાકિસ્તાનના સુન્ની મુસ્લિમ કટ્ટરપંથીઓ શિયાઓને મુસ્લિમ નહીં ગણવાની માનસિકતા ધરાવે છે અને તેમનું ભવિષ્ય પણ અહમદિયા જેવું બનાવવાની કોશિશ કરી રહ્યા છે. સુન્ની મુસ્લિમોમાં પણ દેવબંદી અને બરેલવી સ્કૂલ ઓફ થોટ્સ વચ્ચે કટ્ટર ફિરકાપરસ્તી છે. દેવબંદી પાકિસ્તાનમાં લઘુમતી હોવા છતાં પણ બરેલવી સ્કૂલ ઓફ થોટ્સના ૭૦ ટકાથી વધારે સુન્ની મુસ્લિમોની માન્યતાઓને કચડતા દેખાય રહ્યા છે. હજારા અને અહમદિયાઓની સ્થિતિ પાકિસ્તાનના શિયા મુસ્લિમોથી પણ બદતર છે. જેને કારણે સુન્ની કટ્ટરપંથીઓ અને વહાબી-સલાફી આતંકી સંગઠનો દ્વારા શિયા, અહમદિયા, હજારા મુસ્લિમ અને અન્ય બિનમુસ્લિમ સમુદાયોને નિશાન બનાવાતા રહ્યા છે. પાકિસ્તાની સેનામાં પણ પંજાબી મુસ્લિમ અને સુન્ની મુસ્લિમોનું વર્ચસ્વ છે. તેને કારણે પાકિસ્તાનમાં બિનસુન્ની, બિનમુસ્લિમ સમુદાયોના હિતોની સુરક્ષાનું કામ પણ પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવતું નથી. આમ તો દુનિયામાં પાકિસ્તાની સેના સાતમી સૌથી મોટી આર્મી છે. પરંતુ જનરલ ઝીયા દ્વારા કરવામાં આવેલા ઈસ્લામિકકરણને કારણે પાકિસ્તાની સેનાનું માળખું હવે તાલિબાની માનસિકતાની કટ્ટરતા તરફ આગળ વધી ચુક્યું છે. પાકિસ્તાની સેનાના ૯૯ ટકા સૈન્યકર્મીઓ ઈસ્લામની કટ્ટરતા ધરાવે છે. પાકિસ્તાની સેનાના ૭૦ ટકા અધિકારીઓ અને સૈનિકો સુન્ની મુસ્લિમ છે. બાકીના ૩૦ ટકા શિયા અને અન્ય લઘુમતી સમુદાયોમાંથી આવે છે. જેમાં હિંદુ-શીખની સંખ્યા નગણ્ય છે. પ્રાદેશિક ઓળખનું પ્રમાણ પાકિસ્તાની આર્મીમાં બેહદ ચોંકાવનારું છે. પાકિસ્તાની સેનામાં ૭૧થી ૭૫ ટકા પંજાબી અધિકારીઓ અને સૈનિકો છે. ૧૫થી ૨૧ ટકા પખ્તૂન, ૩થી૫ ટકા મુહાજીર અને સિંધી અને માત્ર ૦.૩ ટકા બલૂચી પાકિસ્તાની સેનામાં છે. પાકિસ્તાનમાં સેનાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ એક અદ્રશ્ય સરકાર છે. પાકિસ્તાની સેના અને આઈએસઆઈની રાજકીય તંત્રમાં સીધી દખલગીરી છે. પાકિસ્તાની સેના અને આઈએસઆઈ વિદેશ નીતિમાં હસ્તક્ષેપ કરીને આતંકી નેટવર્કને પોતાના સ્ટ્રેટજીક વેપન તરીકે ભારત અને અફઘાનિસ્તાન તથા ઈરાન સામે વાપરી રહી છે. ડિવાઈડ પાકિસ્તાન પ્લાન દ્વારા બ્લિડ ઈન્ડિયા પોલિસીનો જવાબ આપો- ભારત-અફઘાનિસ્તાન-ઈરાન-બાંગ્લાદેશ સહીત દુનિયાને પીડતા પાકિસ્તાની બ્રાન્ડ ઈસ્લામિક આતંકવાદના ખાત્મા માટે ડિવાઈડ પાકિસ્તાન પ્લાન પર દુનિયાની મહાસત્તાઓ સાથે મળીને ભારતે વિચારણા કરવી જરૂરી છે. પાકિસ્તાનથી આઝાદી માટેની ચાહત પાકિસ્તાનના દરેક પ્રાંતમાં છે.

આ ચાહતને જોતા પાકિસ્તાનના પાંચ ટુકડા કરી શકાય છે. તેમાં બલૂચિસ્તાન, સિંધુદેશ, જિન્નાપુર, પખ્તૂનિસ્તાન, પંજાબીસ્તાન એમ પાંચ દેશ બને તેવી ભવિષ્યમાં સંભાવના છે. તેની સાથે પીઓકે-ગિલગિટ-બાલ્તિસ્તાનને ભારતના જમ્મુ-કાશ્મીર રાજ્યનો ફરીથી ભાગ બનાવીને તેને પોતાના નિયંત્રણમાં લઈ શકાય છે.પાકિસ્તાનમાં આઝાદી માટેના આંદોલનો તેના મોટાભાગમાં પ્રદેશોમાં વત્તાઓછા પ્રમાણમાં ચાલી રહ્યા છે. તેને પાકિસ્તાન ભાગલાવાદી આંદોલન તરીકે ઓળખાવે છે. પાકિસ્તાનની રચના સાથે બલૂચિસ્તાન કે જે પાકિસ્તાનનો ૪૬ ટકા વિસ્તાર ધરાવે છે અને માત્ર પાંચ ટકા જેટલી વસ્તી ધરાવે છે. અકબર ખાન બુગ્તીની કરપીણ હત્યા જેવી ઘટનાઓ સાથે લગભગ એક લાખથી વધારે બલોચોને મોતને ઘાટ ઉતારી ચુકેલી પાકિસ્તાની સેના દ્વારા બલૂચોના માનવાધિકારોનું સતત ઉલ્લંઘન કરીને તેમની આઝાદીની માગણીને કચડવામાં આવી રહી છે. પાકિસ્તાન ચીન ઈકોનોમિક કોરિડોર બલૂચિસ્તાનના ગ્વાદરથી ચીનના શિનજિયાંગ પ્રાંત સુધી બનાવાય રહ્યો છે. આમ કરીને પાકિસ્તાન બલૂચિસ્તાનની ડેમોગ્રાફી બદલીને બલૂચોને લઘુમતીમાં લાવીને તેમના અધિકારોને વધુ નિર્મમતાથી કચડવાની ચીની ડિઝાઈન પ્રમાણે કામ કરી રહ્યું છે. બલૂચો પાકિસ્તાનમાં અને તેની બહાર રહીને પોતાના અધિકારો અને આઝાદીની માગણી માટે લડી રહ્યા છે.

સિંધુદેશ સિંધીઓ માટે અલગ હોમલેન્ડની માગણી છે. પંજાબી મુસ્લિમોની દાદાગીરી સામે પાકિસ્તાનથી અલગ સિંધુદેશની માગણી સતત થઈ રહી છે. ભારતથી આવેલા મુસ્લિમ શરણાર્થીઓ-મુહાજીરોને સિંધમાં વસાવવા, ઉર્દૂને સિંધ પર ઠોકી બેસાડવી જેવા મુદ્દાઓનો ૧૯૬૭માં જીએમ. સૈયદ અને પીર અલી મોહમ્મદ રશદીએ વિરોધ કર્યો હતો. ૧૯૬૭માં જી. એમ. સૈયદ દ્વારા જિયે સિંધની ચળવળશરૂ કરવામાં આવી હતી. પાકિસ્તાની સેનાના ખોફને કારણે પાકિસ્તાની સિંધીઓ આ ચળવળને સીધો ટેકો આપતા ડરે છે. પરંતુ હવે તેમા વિરોધ-પ્રદર્શનોની સંખ્યામાં વધારા સાથે તીવ્રતા પણ દેખાઈ રહી છે.

કરાચી અને સિંધ પ્રાંતના હૈદરાબાદના વિસ્તારમાં ભારતથી પાકિસ્તાન ગયેલા મુહાજીર તરીકે ઓળખાતા મુસ્લિમ શરણાર્થીઓ અહીં એક સમસ્યા બની ચુક્યા છે. સમસ્યા તેમના માટે પણ છે. તેને કારણે જિન્નાપુર નામના સ્વાયત્ત પ્રદેશની માગણી કરાચી અને તેની આસપાસના વિસ્તારોમાં રહેતા મુહાજીરો દ્વારા કરવામાં આવે છે. મુહાજીર કૌમી મૂવમેન્ટ પાર્ટીની ઓફિસમાંથી ૧૯૯૨માં જિન્નાપુર સ્ટેટનો નકશો પણ મળી આવ્યો હતો. હવે મુત્તાહિતા કૌમી મૂવમેન્ટ તરીકે નવું નામકરણ પામેલી એમક્યૂએમના નેતાઓને પાકિસ્તાની આર્મી દ્વારા રંજાડવામાં આવે છ

ે અને આવી માગણીઓને કચડવામાં આવે છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેની ડુરંડ લાઈન પઠાણોના અસ્તિત્વ અને અધિકારો વચ્ચેની મુખ્ય અડચણ છે. અફઘાનિસ્તાનમાં ૬૮ ટકાથી વધુ પખ્તૂનો છે અને પાકિસ્તાનના નોર્થ વેસ્ટ ફ્રન્ટિયર તથા ફાટા વિસ્તારોમાં પખ્તૂનો બહુમતીમાં છે. લગભગ ૮૫થી ૯૦ ટકા પઠાણો અહીં રહે છે. આ પઠાણો પાકિસ્તાનના પંજાબી મુસ્લિમો કરતા વધુ નજીક ડુરંડ લાઈનની પેલે પાર રહેતા અફઘાન-પસ્તૂનો સાથે જોડાણ ધરાવે છે. જો કે પાકિસ્તાનના ટેરર નેટવર્કને કારણે એનડબલ્યૂએફપી અને ફાટા બંને આતંકવાદીઓના સેફ હેવન તરીકે દુનિયાભરમાં કુખ્યાત છે અને અહીં અમેરિકા દ્વારા ઘણાં ડ્રોન હુમલા કરવામાં આવ્યા છે. તો પાકિસ્તાનના પંજાબી મુસ્લિમોના વર્ચસ્વવાળી સેનાએ આ વિસ્તારોમાં પસ્તૂનોની કત્લેઆમ કરી અને તેમની પસ્તૂન મહિલાઓ સાથે બળાત્કારો પણ કર્યા છે. આવી ઘટનાઓ હજીપણ અહીં બનતી રહે છે. ભાગલાનું સૌથી વધુ દર્દ સંયુક્ત પંજાબ પ્રાંતે ભોગવ્યું છે. તેમા પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાંથી હિંદુ અને શીખોનું મોટા પ્રમાણમાં વિસ્થાપન થયું હતું. પાકિસ્તાનનો પંજાબ પ્રાંત હવે ૯૮ ટકા મુસ્લિમ વસ્તી ધરાવતો પ્રદેશ છે. અહીં પાકિસ્તાની સેના પ્રેરીત ટેરર નેટવર્કના આકાઓ વસવાટ કરે છે. પાકિસ્તાનને પંજાબીસ્તાન સુધી સીમિત કરવાના એક ગ્લોબલ પ્લાન પર દુનિયાએ વૈશ્વિક શાંતિ માટે કામ કરવાની જરૂર છે. વળી પાકિસ્તાનની વસ્તીના ૮ ટકા જેટલા સરૈકી ભાષી લોકો પણ પાકિસ્તાનના પંજાબમાં અલગ પ્રાંતની માગણી કરી રહ્યા છે. તો તેમને પણ પંજાબીસ્તાનમાં અલગ સ્વાયત્ત ઓળખવાળા પ્રદેશ માટે ડિવાઈડ પાકિસ્તાન પ્લાનમાં સ્થાન આપી શકાય છે. પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે ૧૯૪૮માં કબજે કરાયેલા ભારતના ક્ષેત્રમાં શિયા મુસ્લિમોની બહુમતી હતી. પરંતુ તેને લઘુમતીમાં લાવવા માટે પાકિસ્તાનના પંજાબી મુસ્લિમો યોજનાબદ્ધ રીતે આગળ વધી રહ્યા છે. સીપીઈસીના નામે આ વિસ્તારોમાં વિરોધના સ્વર ઉગ્ર બની ચુક્યા છે. ત્યારે આ પ્રદેશો ફરીથી ભારતના નિયંત્રણમાં લેવા જરૂરી છે. આના માટેની યોજના પણ ડિવાઈડ પાકિસ્તાન પ્લાનમાં વિચારણા હેઠળ આવી શકે છે. પાકિસ્તાનના પાંચ ટુકડા કરવામાં આવે, તો આ પાંચેય ટુકડા એક અલગ દેશ તરીકે ભારતની પાડોશમાં અસ્તિત્વમાં આવી શકે છે. તેના કારણે મુસ્લિમ રાષ્ટ્રવાદના નામે કટ્ટરતાના સાત દાયકામાં લિબરલ થોટ પ્રોસેસને વિકસવાનો મોટો અવકાશ ઉભો થઈ શકે છે. તેના કારણે ભારત-બાંગ્લાદેશ સહીતના દેશોમાં વધી રહેલા કટ્ટરતાવાદના ચલણમાં પણ ઘટાડો આવી શકે છે.

સવાલ પરમાણુ શસ્ત્રોનો છે, તો પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રોને વૈશ્વિક મહાસત્તા પોતાના કબજામાં લેવા માટેની કાર્યવાહી સંયુક્તપણે વૈશ્વિક શાંતિ માટે કરે તે જરૂરી છે. પાકિસ્તાનના પાંચ ટુકડાનો અર્થ છે,




**શ્રી ગોરના કુવાવાળી માં ચેહર**

**શ્રી ચેહર માતાજીનું મંદિર, ગોરનો કુવો, મણિનગર, અમદાવાદ**

**માતાજીના ઉપાસક :**

**માઇ ભક્ત શ્રી રમેશભાઇ ભટ્ટ**

**દર રવિવારે માઇ ભક્તો મોટી ઉમટી પડે છે.**

ભદ્રેશ જતીન ઘનશ્યામ








**શતાક્ષી ફાસ્ટ ફુડ કોર્નર**

ઇડલી, મસાલા ઢોસા, ઉત્તપા, વડા પાઉં, પફ, ભાજીપાઉં, પુલાવ, સ્પે. ચાઇનીઝ ઇડલી, તથા ચાઇનીઝની દરેક વસ્તુ તેમજ સ્પે. પંજાબી છોલે ભટુરે મળશે

શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે

૧૮, શ્રીધર એપાર્ટમેન્ટ, હરિપુરા, શાક માર્કેટ પાસે, મણિનગર (પૂર્વ) અમદાવાદ

977-344-9194 / 875-820-6371

Channel Head:- Manoj Prajapati

KM NEWS ચેનલમાં આપના વિસ્તારની સ્થાનિક સમાસ્યા દર્શાવવા માટે KM NEWS ચેનલનો સંપર્ક કરવો.

શૈક્ષણિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સમાચાર દર્શાવવા માટે KM NEWS ચેનલનો સંપર્ક કરવો.

અમદાવાદ તેમજ ગુજરાત નાં જિલ્લા માં રીપોર્ટર નીમવાનાં છે.

અમદાવાદ, ગુજરાત તથા દેશ દુનિયા ની પળ-પળ ની ખબર તમે અમારી ચેનલ માં નિહાળી શકાશે.

KM NEWS Channel
KARNAVATIMETRONEWS.COM

OFF. ADD:- 56/ કાપડીયા એસ્ટેટ રતનપોળ, ગોલવાડ, અમદાવાદ ગુજરાત ૩૮૦૦૦૧.

# હિન્દુ ધર્મ : એ ધર્મ કે જીવનપધ્ધતિ નો માર્ગ?

આ એક પ્રશ્ન અવારનવાર સત્સંગ ના સંમેલનમાં પૂછવામાં આવે છે. એ કાયમ જ જુસ્સા ભરી ચર્ચા બની રહે છે, કેમ કે તેમાં ઉત્સુકતા ભર્યો રસ અને વિવિધ અભિપ્રાયો નો સમાવેશ થાય છે. વર્ષો પહેલાં, સ્વામી ચિન્મયાનંદા, ચિન્મયા મિશન ના સ્થાપક, તેમણે એક જોરદાર ભાષણ આ વિષય પર આપ્યું. આ તેનો વિશેષ ફકરો છેઃ હિન્દુ ધર્મ એ ધર્મનો માર્ગ નથી એ માત્ર જીવનપધ્ધતિ નો માર્ગ છે. તમે આજે આ વાત જ્યાં યુવાનો બેસીને હિન્દુ સંસ્કૃતિ અને ભારતની ચર્ચા કરતા હોય ત્યાં સાંભળવા મળશે. તેઓ આછકલાઈથી કહેશેઃ હિન્દુ ધર્મ એ બિલકુલ અલગ છે. એ ધર્મ નથી. તો પછી એ શું છે? એ જીવન પધ્ધતિનો માર્ગ છે આ એકદમ ખોટું વાક્ય છે! કોઈ સમજદાર વ્યક્તિ આનો સ્વીકાર કરે નહીં અથવા એનો વિશ્વાસ કરે નહીં. કેવી ધૃણાસ્પદ મુર્ખામી લપેટાયેલી છે આ આકર્ષક વાક્યમાં! 'હિન્દુ ધર્મ એ ધર્મ નથી પણ જીવન પધ્ધતિનો માર્ગ છે.' એમ, તો પછી ખ્રીસ્તી ધર્મ? એ ધર્મ છે? હા, તો એ જીવન પધ્ધતિનો માર્ગ નથી? વિચારો, એ પ્રત્યક્ષ વિરોધાભાસી છે એમ કહેવું કે એ ધર્મ નથી, પણ જીવન પધ્ધતિનો માર્ગ છે. જો હિન્દુ ધર્મ એ ધર્મ નથી, અને માત્ર જીવન પધ્ધતિ હોય તેમ ખ્રીસ્તી ધર્મ એ ધર્મ છે અને જીવન પધ્ધતિનો માર્ગ ના હોઈ શકે. ધર્મ વગરની જીવન પધ્ધતિ કેવી? શું ધર્મ આપણને આપણાં જીવનમાં, આપણી દુનીયામાં માર્ગદર્શક નથી બની રહેતું? તેથી જ આ ખોખલુ, ઉચ્ચકક્ષામાં હોય તેવું વાક્ય છે.સ્વામીજી તેની વિશેષ ટીપ્પણી કરતા કહે છે કે એ અભિપ્રયનો ઉદભવ જર્મન, જેઓ ભારતીય વિદ્યાના જાણકાર હતા તેમણે ૧૮૦૦ માં, મત શબ્દનું અનુવાદ ધર્મ તરીકે કર્યુંઃ જર્મન ના લોકો, જેમણે સૌથી પહેલા સંસ્કૃત શાસ્ત્રોનું અનુવાદ કરવાની કોશિષ કરી, કમનસીબે તેમણે સૌથી મોટી ભુલ કરી. તેમણે શબ્દ મત ને ધર્મની જગ્યાએ વાપર્યો. બુધ્ધ મત- બુધ્ધ ધર્મ, ખ્રિસ્તી મત- ખ્રિસ્તી ધર્મ, મુહમમેદીય મત- ઈસ્લામ ધર્મ. તેમ તેઓ હિન્દુ મત પર આવ્યા અને બીચારા જર્મનો મુંઝવણમાં મૂકાઈ ગયા. કેમ કે હિન્દુ ધર્મ માં ઘણી જાતના મત છે. એ એક સંયુક્ત મત છે. મત સંસ્કૃત શબ્દ મતી પરથી આવે છે. જેનો અર્થ બુધ્ધિ. જેનો આકાર બુધ્ધિમાં અપાયો છે તે મત. મત નો અર્થ તો માત્ર અભિપ્રાય !

હિન્દુ ધર્મમાં શંકર મત, રામાનુજ મત, માધવ મત નો સમાવેશ થાય છે. વિવિધ આચાર્યો જેમણે જીવન વિષે વિભિન્ન અભિપ્રાયો આપ્યા છે, ઉપનિષદ ના વિચારો અને દ્રષ્ટિકોણ- આ બધાને મત કહેવાય. તેથી જર્મન લોકો એ વાતના તારણ પર આવ્યા કે હિન્દુ ધર્મ ધર્મ નથી, તો એ શું છે? (તેમને આશ્ચર્ય થયું) એ તો એક જીવન પધ્ધતિ છે."

જે હિન્દુઓ આ બદનામ વાક્યની મૂલ્યતા વિશે પ્રશ્નો કરતા હોય છે તેમણે મોટે ભાગે હિન્દુ ધર્મને અપનાવીને આચરણમાં મૂક્યું નથી હોતું. તેમને કદાચ મનમાં એમ હોય કે હિન્દુ ધર્મનો મૂળ સારાંશ એ સદગુણી જીવન જીવવું અને પોતાની ફરજનું પાલન કરવું, અને તેથી વિશેષ કશુ કરવાની જરૂર નથી.હિન્દુ ધર્મ એ જીવન પધ્ધતિ છે, પણ તે આધ્યાત્મિક જીવન પધ્ધતિ છે. જેમાં સારો વ્યવહાર, પૂજાપાઠ, નિઃસ્વાર્થ સેવા, આધ્યાત્મિક અભ્યાસ અને ધ્યાન નો સમાવેશ થાય છે. અને આધ્યાત્મિક જીવન પધ્ધતિની શું વ્યાખ્યા છે? ધર્મ.જર્મનોએ તારણ કાઢ્યું કે સનાતન ધર્મ એ વિવિધ ધર્મોનું સંગઠન છે, એ પોતાની જાતે પણ સ્વમાનપૂર્વક, હિંમત સાથે ધર્મ તરીકે ઉભો રહી શકે. આ બધા ધર્મોમાં કેટલાક સામાન્ય મૂળ અંશો સરખા હોય, જેમ કે સંસ્કૃતિ, પૂજાપાઠ, શાસ્ત્રો અને મુળભુત જીવનદ્રષ્ટિ જે પાયાની માન્યતાઓમાં દર્શાવાય છે : કર્મ, ધર્મ, પુનર્જન્મ, સર્વવ્યાપી દિવ્યતા અને વિશેષ. હિન્દુ ધર્મ ભવ્યતાથી ધર્મની દરેક વ્યાખ્યા અને ગુણને પરિપૂર્ણ કરે છે.એ વાત યાદ રહે કે જર્મન લોકો હિન્દુઓના મિત્રો ન હતા. તેમની આપણા ધર્મની આ એક પુનઃવ્યાખ્યા એ ખૂબ જ પ્રભાવશાળી નિંદા છે, જે કમનસીબે હિન્દુઓએ જાતે જ અપનાવી લીધી છે. આપણા ધાર્મિક સિધ્ધાંતોને ધર્મ તરીકે ન ગણવા એ એક બૌધ્ધિક આત્મહત્યા અને સર્વ વિશ્વવ્યાપી લોકોના સંબંધની નિષ્ફળતા કહેવાય. હિન્દુ ધર્મની ગર્વ પૂર્વક બીજા ધર્મની સાથે ગણના થાય છે અને તે શક્ય બને છે નહીં કે માત્ર જીવન પધ્ધતિ થકી. શાકાહારી હોવું એ એક જીવન પધ્ધતિ છે, અહિંસા એ એક જીવન પધ્ધતિ છે. પરંતુ તે ન તો ધર્મ છે કે ન તો તેમને પાર્લમેન્ટ ઓફ વર્લ્ડ રિલિજન માં આમંત્રણ મળશે, જેમ સ્વામી વિવેકાનંદને ૧૮૯૩ માં મળ્યું હતું તેમ. તેમને આમંત્રણ મળ્યું અને તેઓએ દુનિયાને શિકાગોના મંચ પરથી પ્રવચન આપ્યું કેમ કે તેઓ હિન્દુ હતા.

હા, એવા લોકો છે કે જેઓ વિચારે છે કે હ શબ્દ પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે છે, પરંતુ તેઓ ખોટા છે. તેઓ દુનિયાના મંચ તેમજ સ્થાનિક લોકોમાં અને બીજા ધાર્મિક સમુદાયમાં ધર્મ શબ્દનો પ્રવેશ કરવા પર ઉપેક્ષા કરે છે. એક સાથે હિન્દુ ધર્મના ઝંડા નીચે ઊભા રહી આપણે બીજા ધર્મોને મળતા સંરક્ષણને માણી શકીએ, અને આપણો એક સંગઠીત આવાજ જેની કદર સમાચારના માધ્યમ, સરકાર, બૉર્ડ ઓફ ઍજુકેશન અને પ્લાનિંગ ડિપાર્ટમેંટ કરશે. આપણે એવા ઉપરથી હિન્દુ દેખાતા હોય તેવા જૂથોને જાણીએ છે જેઓ હ શબ્દનો ઉપયોગ કરતા અચકાતા હોય છે પરંતુ તેને આતુરતાથી અપનાવી લે છે જ્યારે વિસ્તૃત જુથમાં તેમનો વિશ્વાસ પામવા માટે , દાખલા તરીકે કોર્ટના વિષયમાં.

હિન્દુ ધર્મનું ઉજ્જ્વળ ભવિષ્ય બીજા ધર્મોની સાથે ઊભા રહેવામાં છે, નહીં કે કોઈ જીવન પધ્ધતિમાં. જે હિન્દુઓ સમજ્યા વગર એ મત ધરાવે છે કે હિન્દુ ધર્મ નથી તેઓ સનાતન ધર્મને કોઈ સારી રીતે ઉપયોગી નથી બનતા. તેઓ એ વાત સમજી શક્યા નથી કે આ અવળું વલણ બીજા ધર્મોની કક્ષામાં કેવું લાગે છે, એમ વિચારો કે શું મુસલમાનો એમ કહે કે ઈસ્લામ ધર્મ નથી માત્ર જીવન પધ્ધતિ છે? અથવા ખ્રીસ્તિઓ? યહૂદીઓ? તેઓ તેવું ન કરે. તેઓ પોતાની આધ્યાત્મિક વ્યકિતત્વનો ગર્વ ધરાવે છે. પરંતુ કેટલાક કારણોને લીધે, એક માનસિક ઉપદ્રવ થકી, હિન્દુઓ આ પોતાને માટે વિનાશક થઈ શકે તેવી ભ્રમણામાં જીવે છે. અગણિત સ્વામીઓ જેમણે વીસમી સદીમાં પશ્ચિમમાં આ વિચારને પ્રોત્સાહન આપ્યું, ખાસ કરીને જ્યારે તેઓ ખ્રિસ્તી અને યહુદીઓને વેદાંત, યોગ અને ધ્યાન શીખવાડતા હતા ત્યારે, જેથી તેમની ધાર્મિક લાગણીઓ ન ઉશ્કેરાય. આને લીધે હવે આવા વાક્યોની ઘર ઘરમાં સામાન્ય શબ્દો તરીકે જ ગણના થાય છે, તેના હિન્દુ મૂળને અવગણીને. સ્વામી ચિન્મયાનંદા એ ખૂબ જ સુંદર રીતે વ્યકત કર્યુંઃ આ એક ખોખલું, ઉચ્ચાકક્ષામાં હોય તેવું વાક્ય છે. જેનાથી આપણે બધા દૂર રહીએ.ખુશીની વાત છે કે આ ધીમે ધીમે પણ સારી રીતે બદલાઈ રહ્યું છે.

આજકાલના હિન્દુ યુવકો અને યુવતીઓ પોતાના ધર્મ પ્રત્યે ગર્વ ધરાવે છે, તેઓ વધુ જાણવા માટે આતુરતા બતાવે છે. આખા વિશ્વની યુનિવર્સિટીઓમાં હિન્દુ વિધ્યાર્થીને ગર્વથી બીજા ધર્મના વિદ્યાર્થીઓ સાથે ઉભા રહેવું છે. હિન્દુ અમેરિકન ફાઉંડેશનનું યોગ ને પાછું લઈએ એ ઝુંબેશ, જેમાં યોગના મૂળ જે દુનીયાના સૌથી પ્રાચીન ધર્મમાં જોડાયેલા છે તેની સાથે પુનઃસ્થાપિત કરવાનો છે.

## દુનિયાના દેશોમાં જોરદાર ભયનો માહોલ યથાવત

# વિશ્વના દેશોમાં આતંક જારી

(સંપૂર્ણ સમાચાર સેવા) બેજિંગ, તા.૧૧

ચીનમાં જીવલેણ બનેલા કોરોના વાયરસના કારણે મોતનો આંકડો ચિંતાજનકરીતે અને ઝડપથી વધી રહ્યો છે. કોરોના વાયરસના કારણે હવે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૪૩૧૦૧ સુધી પહોંચી ગઈ છે. જ્યારે ગંભીર હાલતમાં રહેલા દર્દીઓની સંખ્યા હાલમાં ૭૩૪૫ જેટલી રહેલી છે. મોતનો આંકડો પણ ઝડપથી હવે ૧૦૦૦થી ઉપર પહોંચી ગયો છે. કયા દેશમાં કોરોના વાયરસના કેટલા કેસ નોંધાયા છે તે નીચે મુજબ છે.

| દેશ | કુલ કેસ | નવા કેસ | મોત |
|---|---|---|---|
| ચીન | ૪૩૧૦૧ | ૨૪૬૭ | ૧૦૧૮ |
| જાપાન | ૧૬૧ | ૬૫ | - |
| સિંગાપુર | ૪૫ | ૦૨ | - |
| હોંગકોંગ | ૪૨ | ૦૬ | ૦૧ |
| થાઈલેન્ડ | ૩૨ | - | - |
| દક્ષિણ કોરિયા | ૨૮ | ૦૧ | - |
| તાઈવાન | ૧૮ | ૦૧ | - |
| મલેશિયા | ૧૮ | ૦૨ | |
| ઓસ્ટ્રેલિયા | ૧૫ | ૦૧ | - |
| વિયતનામ | ૧૪ | ૦૧ | |
| જર્મની | ૧૪ | - | - |
| અમેરિકા | ૧૨ | - | - |
| મકાઉ | ૧૦ | ૦૨ | - |
| ફ્રાંસ | ૧૧ | ૦૫ | - |
| યુએઈ | ૦૭ | ૦૨ | - |
| કેનેડા | ૦૭ | ૦૧ | - |
| ભારત | ૦૩ | - | - |
| ફિલિપાઈન્સ | ૦૩ | - | ૦૧ |
| બ્રિટન | ૦૩ | - | - |
| રશિયા | ૦૨ | - | - |
| ઈટાલી | ૦૩ | - | - |
| અન્ય દેશો | ૦૭ | ૦૧ | - |

## ત્રીજી અને અંતિમ મેચ પણ ન્યુઝીલેન્ડે જીતી

# ૩૧ વર્ષ બાદ ભારત ક્લિન સ્વિપ : ન્યુઝીલેન્ડનો વિજય

## જીતવા માટેના ૨૯૭ રન માત્ર પાંચ વિકેટ ગુમાવી બનાવી લીધા : નિકોલસ મેન ઓફ દ મેચ અને રોસ ટેલર સિરિઝ

માઉન્ટ, તા. ૧૧

ન્યુઝીલેન્ડે ભારતને ત્રીજી અને અંતિમ વનડે મેચમાં પાંચ વિકેટે હરાવીને ત્રણ મેચોની શ્રેણીમાં ક્લિનસ્વિપ કરવામાં સફળતા મેળવી છે. ૩૧ વર્ષના ગાળા બાદ પ્રથમ આવું બન્યુ છે જ્યારે ટીમ ઈન્ડિયા ત્રણ મેચો અથવા તો વધુ મેચોની શ્રેણીમાં ક્લિનસ્વિપનો સામનો કરી રહી છે. આ પહેલા ભારતીય ટીમ ૧૯૮૯માં વેસ્ટઈન્ડિઝ સામે ક્લિનસ્વિપ થઈ હતી. જો કે, ૨૦૦૬-૨૦૦૭માં ભારતે દક્ષિણ આફ્રિકામાં પાંચ વનડે મેચોની શ્રેણી ૦-૪થી ગુમાવી હતી પરંતુ એ વખતે એક મેચ રદ કરવામાં આવી હતી. આજે રમાયેલી આ મેચમાં ન્યુઝીલેન્ડના કેપ્ટન વિલિયમસને ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ ન્યુઝીલેન્ડે બોલિંગમાં જોરદાર શરૂઆત કરી હતી. ભારતે મયંક અગ્રવાલ તરીકે તેની પ્રથમ વિકેટ ૮ રને અને ત્યારબાદ કેપ્ટન વિરાટ કોહલીના રુપમાં બીજી વિકેટ ૩૨ રનમાં ગુમાવી દીધી હતી. જો કે, ત્યારબાદથી ભારતીય ટીમે બાજી સંભાળી હતી. ભારત તરફથી હાલ શાનદાર ફોર્મમાં ચાલી રહેલા રાહુલે ફરી એકવાર સદી ફટકારી હતી. રાહુલ ૧૧૨ રન કરીને આઉટ થયો હતો જેમાં નવ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. અય્યરે પણ ૬૨ રન બનાવ્યા હતા જેમાં નવ ચોગ્ગાનો સમાવેશ થાય છે. છેલ્લા ૩૬ વર્ષના ગાળામાં ભારતે ત્રીજી વખત વનડે શ્રેણીમાં તમામ મેચો ગુમાવી છે. રાહુલે ફરી એકવાર જોરદાર બેટિંગ કરી હતી પરંતુ ભારતીય બોલરો આ મેચને બચાવી શક્યા ન હતા. ન્યુઝીલેન્ડ તરફથી નિકોલસે ૮૦ રન કર્યા હતા જ્યારે ગુપ્ટિલે ૬૬ રન કર્યા હતા. મેન ઓફ દ મેચ તરીકે ગુપ્ટિલની અને મેન ઓફ દ સિરિઝ તરીકે રોસ ટેલરની પસંદગી કરવામાં આવી હતી. વનડે શ્રેણી પહેલા ટ્વેન્ટી મેચોની શ્રેણીમાં ભારતે ક્લિનસ્વિપ કરવામાં સફળતા મેળવી હતી પરંતુ વનડે શ્રેણીમાં યજમાન ન્યુઝીલેન્ડે જોરદાર વાપસી કરીને આગેકૂચ કરી લીધી છે. હવે ટેસ્ટ શ્રેણી શરૂ થશે. ઓકલેન્ડના મેદાન પર રમાયેલી વનડે શ્રેણીની બીજી મેચમાં ભારતે ફરી એકવાર હારનો સ્વાદ ચાખ્યો હતો. બીજી વનડે મેચમાં ન્યુઝીલેન્ડે ભારત પર ૨૨ રને જીત મેળવીને શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી. ૨૭૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમ ૪૮.૩ ઓવરમાં ૨૫૧ રન જ બનાવી શકી હતી. ભારતને ૨૭૪ રનની જીતવાની જરૂર હતી પરંતુ ટીમ ઈન્ડિયા આ સ્કોર સુધી પહોંચી શકી ન હતી. ટીમ ઈન્ડિયાને પ્રથમ વનડે મેચમાં યજમાન ન્યુઝીલેન્ડે ચાર વિકેટે હાર આપી હતી. હેમિલ્ટનના સદનપાર્કમાં રમાયેલી આ મેચમાં ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા શ્રેયસ અય્યરના ૧૦૩ રનની મદદથી ૩૪૭ રન કર્યા હતા. ભારતે ચાર વિકેટે ૩૪૭ રનનો જંગી જુમલો ખડક્યો હતો જેમાં લોકેશ રાહુલે પણ ૬૪ બોલમાં ત્રણ ચોગ્ગા અને છ છગ્ગા સાથે અણનમ ૮૮ રન કર્યા હતા. ઓસ્ટ્રેલિયા બાદ ન્યુઝીલેન્ડમાં ભારતે ટ્વેન્ટી શ્રેણી જીતી હતી. ટેસ્ટ શ્રેણી ૨૧મી ફેબ્રુઆરીથી શરૂ થનાર છે. બીજી ટેસ્ટ મેચ ૨૯મી ફેબ્રુઆરીના દિવસથી રમાનાર છે.

## ત્રણેય ફોર્મેટમાં રમવાની બાબત ખુબ જ મુશ્કેલ

# ટી-૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા વોર્નરના સ્પષ્ટ સંકેતો

ઓસ્ટ્રેલિયાના આક્રમક બેટ્સમેન ડેવિડ વોર્નરે ટ્વેન્ટી-૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો સંકેત આપી દીધો છે. ડેવિડ વોર્નરે કહ્યું છે કે, ટેસ્ટ અને વનડે કેરિયરને લંબાવવા અને પરિવાર સાથે વધારે સમય ગાળવાના ઈરાદા સાથે ટી-૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા વિચારી રહ્યો છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના વર્ષના શ્રેષ્ઠ ક્રિકેટરના એલન બોર્ડર ચંદ્રક જીતનાર ડેવિડ વોર્નરે ઈનામ મેળવ્યા બાદ આ અંગેનો સંકેત આપ્યો હતો. વર્ષ ૨૦૧૮માં બોલ સાથે ચેડા કરવાના મામલામાં આરોપમાં દોષિત આવ્યા બાદ એક વર્ષના પ્રતિબંધનો સામનો કરવાની ડેવિડ વોર્નરને ફરજ પડી હતી. ત્યારબાદ વાપસી કર્યા બાદ ડેવિડ વોર્નરે જોરદાર બેટિંગ કરી હતી અને આખરે સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર જીતી લેવામાં સફળતા મેળવી છે. આ વર્ષે તેને ટી-૨૦ના સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે જાહેર કરવામાં આવ્યો છે. હાલમાં જ તેના ધરખમ દેખાવથી તે એક પછી એક મેચો પોતાની ટીમને જીતાડી રહ્યો છે. ૩૩ વર્ષીય વોર્નરે કહ્યું છે કે, ટી-૨૦ ક્રિકેટમાં સતત વર્લ્ડકપ તે રમી ચુકયો છે. આ ફોર્મેટમાં તે થોડાક વર્ષમાં જ નિવૃત્તિ લેવા અંગે વિચારી રહ્યો છે. તેનું કહેવું છે કે, ત્રણેય ફોર્મેટમાં એક સાથે રમવાની બાબત ખુબ મુશ્કેલરુપ છે. તે ત્રણેય ફોર્મેટમાં એક સાથે રમવાનો લઈને મુશ્કેલી અનુભવી રહ્યો છે. ટેસ્ટ અને વનડે બંનેમાં તે ૪૦થી ઉપર રનના સરેરાશ સાથે રન કરી રહ્યો છે. આગામી ઓસ્ટ્રેલિયામાં યોજાનાર છે. વોર્નરે કહ્યું છે કે, તે પૂર્વ ભારતીય ખેલાડી વિરેન્દ્ર સહેવાગ સાથે વાત કરી ચુકયો છે. એબી ડિવિલિયર્સ અને વિરેન્દ્ર સહેવાગ સાથે વાત કરી ચુકયો છે જે લાંબા સમય સુધી રમતા રહ્યા છે. ઘરમાં ત્રણ બાળકો છે. પત્નિ છે જેથી રમવાની બાબત સરળ નથી.

## કસરતના મોંઘા સાધનો સાથે પ્રેરણા પણ જરૂરી

વિક્રમ સંવતનું નવું વર્ષ આવી ગયું છે. એકબીજાને નૂતન વર્ષાભિનંદન પાઠવવા સાથે કેટલાક લોકો સંકલ્પ પણ કરશે.

આ વખતે તો મેં નક્કી કર્યું છે કે વહેલાં ઊઠી જવું. વહેલા સૂઈ વહેલા ઊઠે તે વીર

આ વખતે મેં દીવાળી પર તળેલું, મરીમસાલાવાળું, મેંદાવાળું અને ચૉકલેટ નહીં ખાવાનું નક્કી કર્યું છે. તમારા ઘરે કાકડી, ટમેટાં, સફરજન હોય તો લાવો, બોસ

આ વખતે મેં ઑનલાઇન સેલમાંથી ૨૦ ટકા ડિસ્કાઉન્ટ પર ટ્રેડ મિલ મગાવ્યું. મેં નક્કી કર્યું કે આવતી દીવાળી સુધીમાં મારી ફાંદ ઘટાડી દઈશ.

હકીકતે આવા સંકલ્પો બધા કરતા હોય છે, પરંતુ તેનું પાલન એકાદ મહિના સુધી જ થતું હોય છે. તે પછી ધબાય નમઃએટલે જ શરીર સુડોળ રાખવું, નિરામય રહેવું, પોતાના શરીરને થયેલી તકલીફને મટાડવી અથવા કંટ્રોલમાં રાખવી આ બધાં માટે મન પર કાબૂ જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો મૉટિવેશન જરૂરી છે. જો તમારા મનને ધક્કો ન લાગે તો તનને પણ કસરત કરવાનો, શરીર માટે જરૂરી ચીજો નહીં ખાવાનો ધક્કો નહીં લાગે. મન ફસડાઈ પડશે કે લલચાઈ જશે, આ એક વખત ખાઈ લઉં, પછી ક્યારેય નહીં ખાઉં. અથવા આજે ચાલવા નથી જવું. કેવી કુદરતી ઠંડી હવા બારીમાંથી આવી રહી છે. પછી તો ઉનાળા અને ચોમાસામાં તો બારી બંધ જ રાખવી પડશે ને.

કાલે રાત્રે સૂવામાં મોડું થઈ ગયું હતું. એટલે આજે મને સૂઈ લેવા દે. ઊંઘ પૂરી નહીં થાય તો ઑફિસમાં તકલીફ પડશે.

આજે મારો મિત્ર બહુ આગ્રહ કરે છે એટલે બહાર હૉટલમાં પંજાબી ખાવા જવું જ પડશે. નહીં જઈએ તો તેને ખોટું લાગી જશે. સંબંધો બગડશે.આજે ઑફિસમાં અમારા બૉસની પાર્ટી હતી એટલે કેક, પિઝા ખાવા જ પડ્યાં.

નહીં, નહીં, આજે મારે પ્રેઝન્ટેશન તૈયાર કરવાનું છે. એટલે આજે મારાથી વર્ક આઉટ નહીં જ થાય. શરીરનું ધ્યાન રાખવા જઈશ તો પૈસા કમાવાનું ભૂલી જવું પડશે. બોસનો ઠપકો સાંભળવો પડશે. પ્રમૉશન નહીં મળે.

આવા તો ઘણાં બહાનાં મળી રહે છે. એવું નથી કે તે બધાં ખોટાં જ હોય છે. કેટલાક ખરેખર સાચાં હોય છે. પરંતુ આવી સ્થિતિમાં શું કરી શકાય?

આવી સ્થિતિમાં કેટલાંક ઉપાયો જરૂર કરી શકાય.

દા.ત. પ્રેઝન્ટેશન તૈયાર કરવાનું ખબર હોય તો તે રાત્રે જ કરી લેવું જોઈતું હતું. ક્રિકેટ મેચ જોવા ન બેસી ગયા હોત તો રાત્રે જ પ્રેઝન્ટેશન તૈયાર થઈ ગયું હોત અને સવારે તમે કસરત કરી જ શક્યાં હોત.તમારા બોસનું માન રાખવા તમે સહેજ કેક અને પિઝાનો એક ટુકડો ચાખી લો તે બરાબર છે, પરંતુ બોસના નામે કેકનો મોટો ટુકડો અને આખો પિઝા ખાઈ લો તો પછી તે તમારો જ વાંક છે.

તમારા મિત્રને ઘરે જમવા પણ બોલાવી શકાય. તેનો આગ્રહ હોય તે બરાબર છે પરંતુ તમારા શરીરના ભોગે તે દુરાગ્રહ ન થવો જોઈએ. સાચો મિત્ર એ જ કહેવાય જે પરિસ્થિતિ સમજે. તમે હૉટલમાં જમવાનું કહો તો તે જ સામેથી ના પાડે કે ના, યાર. તારું શરીર હમણાંથી વધી ગયું છે. આપણે તારા ઘરે જ જમી લઈશું.રાત્રે જો મોબાઈલ પર ઑફિસના (કે ની?) કર્મચારી સાથે ચૅટ ન કરી હોત, ફેસબુક પર તમારા પ્રતિસ્પર્ધીએ શું લખ્યું છે તે ન જોયું હોત તો તમે વહેલાં સૂઈ શકત અને સવારે વહેલાં ઊઠી શકત.સવારે ઠંડી હવા આવે છે અને ઉનાળામાં-ચોમાસામાં એ ઠંડી હવા નથી મળતી તે વાત સાચી છે, પરંતુ જેટલી મજા સૂવામાં આવે છે તે કરતાંય વધુ મજા તમને આ ઠંડી હવામાં બહાર ચાલવા કે દોડવા કે કસરત કરવાથી આવશે. આખો દિવસ તમારો સારો જશે. તમે પ્રફૂલ્લિત બની જશો.

મુખ્યમંત્રી કેજરીવાલની લોકપ્રિયતા અકબંધ : પાર્ટીએ બોલાવેલો સપાટો

ભારતીય જનતા પાર્ટીને આખરે માત્ર આઠ સીટથી સંતોષ માનવાની ફરજ

# દિલ્હીમાં એએપીને બમ્પર જીત મળી : ભાજપાની મોટી પીછેહઠ

## રાષ્ટ્રવાદના તમામ મુદ્દાઓની કોઈ અસર ન થઈ : મતદારોને મફત સુવિધાઓ આપવાના અરવિંદ કેજરીવાલના વચનોથી તમામ ખેંચાયા : કોંગ્રેસનો સફાયો

નવી દિલ્હી, તા. ૧૧

દિલ્હીમાં મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે ફરી એકવાર જોરદાર સપાટો બોલાવીને આજે પ્રચંડ જીત મેળવી હતી. કેજરીવાલે દિલ્હીમાં આખરે હેટ્રિક નોંધાવી હતી. આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૭૦ સીટો પૈકી મોટાભાગની સીટો જીતીને ફરી ઈતિહાસ રચ્યો હતો. ભારતીય જનતા પાર્ટીએ દિલ્હી ચૂંટણીમાં તમામ તાકાત લગાવી હોવા છતાં કેજરીવાલની રણનીતિને પછડાટ આપવામાં સફળતા મેળવી ન હતી અને માત્ર ૭ બેઠકથી સંતોષ માનવાની ફરજ પડી હતી. જો કે, ભાજપ માટે સારા સમાચાર એ રહ્યા છે કે, વર્ષ ૨૦૧૫ની સરખામણીમાં ભારતીય જનતા પાર્ટીની મત હિસ્સેદારીમાં ઉલ્લેખનીયરીતે વધારો થયો છે જ્યારે આમ આદમી પાર્ટીને મત હિસ્સેદારીના મામલામાં નુકસાન થયું છે. એએપીને ૨૦૧૫ની સરખામણીમાં આંશિક નુકસાન થયું છે. જો કે, કેજરીવાલની લોકપ્રિયતા દિલ્હીના લોકોમાં અભૂતપૂર્વ રહી છે અને આ બાબતની સાબિતી પરિણામથી મળી છે. આમ આદમી પાર્ટીએ ૬૨ સીટો પર જીત પર જીત મેળવી લીધી હતી જ્યારે ભાજપના આઠમાં ૮ સીટો આવી છે. કોંગ્રેસને ફરી એકવાર ખાતુ ખોલવામાં પણ સફળતા મળી નથી. કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીએ હાર સ્વિકારી લીધી છે. દિલ્હી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ તો પહેલા કરતા તેના દેખાવમાં આંશિક સુધારો કર્યો છે. તેની મહેનતના પરિણામ તેને ફરી એકવાર મળ્યા નથી. સત્તા માટે દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીને હજુ ખુબ મહેનત કરવાની જરૂર દેખાઈ રહી છે. ભારતીય જનતા પાર્ટીની દિલ્હીમાં ભલે હાર થઈ છે પરંતુ તેનો દેખાવ વર્ષ ૨૦૧૫ કરતા ખુબ શાનદાર રહ્યો છે. માત્ર સીટના મામલે જ નહીં બલ્કે મત હિસ્સેદારીના મામલે પણ તેનો દેખાવ ઉલ્લેખનીય રીતે વધી ગયો છે. વર્ષ ૨૦૧૫માં વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની જે સ્થિતી હતી તેના કરતા આ વખતે ભાજપની સ્થિતી સારી રહી છે. કેજરીવાલ દિલ્હીમાં મતદારોની વચ્ચે જાદુ જાળવી રાખવામાં સફળ રહ્યા છે. અનેક પ્રકારના વિવાદમાં રહ્યા હોવા છતાં તેમની પાર્ટીની જીત થઈ છે. આજે સવારે ભારે ઉત્સુકતા વચ્ચે મતગણતરી શરૂ થઈ હતી. ત્યારબાદ શરૂથી જ એએપીએ લીડ મેળવી લીધી હતી.તમામ લોકો સારી રીતે જાણે છે કે દિલ્હીમાં ૫૮ જનરલ કેટેગરીની સીટો છે જ્યારે ૧૨ અનુસુચિતની સીટો છે. દિલ્હીમાં ચૂંટણી પ્રચારમાં ભારતીય જનતા પાર્ટી તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીયમંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ જેપી નડ્ડા સહિત તમામ દિગ્ગજોએ જોરદાર પ્રચાર કર્યો હતો. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ પ્રચારમાં ભાગ લીધો હતો. ચૂંટણી પ્રચાર દરમિયાન એકબાજુ ભારતીય જનતા પાર્ટીએ સીએએ, કલમ ૩૭૦, ત્રાસવાદીઓના હુમલાના જવાબમાં ભારતીય સેનાની કાર્યવાહી, રામ મંદિર, ત્રિપલ તલાક સહિતના મુદ્દા ઉઠાવ્યા હતા. બાજુ આમ આદમી પાર્ટીએ તમામ સ્થાનિક મુદ્દાઓ પર લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસો કર્યા હતા.આ વખતે દિલ્હી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ તમામ તાકાત લગાવી દેવામાં આવી હતી. દિલ્હીમાં કુલ મતદાનની ટકાવારી ૬૨.૫૯ ટકા રહી હતી. લોકસભા ચૂંટણી કરતા બે ટકા ઓછુ મતદાન થયુ હતુ. આઠમી ફેબ્રુઆરીના દિવસે મતદાન પૂર્ણ થતાંની સાથે જ તમામ ૬૭૨ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આજે તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થયો હતો. દિલ્હીમાં વિધાનસભાની અવધી ૨૨મી ફેબ્રુઆરીના દિવસે પૂર્ણ થઈ રહી છે. તમામ ઉમ્મેદવારોનો ભાવિનો ફેસલો કરવા માટે ૧૪૬૯૨૧૩૬ મતદારો ૬૨.૫૯ ટકા મતદારો બહાર નિકળ્યા હતા. દિલ્હીમાં ચૂંટણી પ્રચારમાં ભાજપે તમામ દિગ્ગજોને ઉતારી દીધા હોવા છતાં કેજરીવાલની જીત થઈ છે. જે તેમની લોકપ્રિયતાની સાબિતી આપે છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી મુખ્યરીતે ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રવાદના મુદ્દા પર લડી હતી જ્યારે આ મુદ્દાઓની પરિણામ ઉપર કોઈ અસર દેખાઈ નથી. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીનો કરુણ રકાશ થયો છે. ૨૦૧૫માં પણ કોઈ સીટ નહીં મળ્યા બાદ ૨૦૨૦માં પણ કોંગ્રે પાર્ટી એક પણ સીટ જીતી શકી નથી. એએપીની એક તરફી જીત થઈ છે. રાષ્ટ્રવાદના મુદ્દા કરતા મતદારોને મફતમાં સુવિધાઓ આપવાની કેજરીવાલની જાહેરાતોની અસર દેખાઈ છે. આગામી સમયમાં ચૂંટણીમાં આ પ્રકારના વચનોની અસર જોવા મળશે જેથી ભારતીય જનતા પાર્ટીને પણ આ પ્રકારના વચનોથી સાવધાન થવું પડશે.

મંગળવારે હનુમાનજીએ કૃપા વરસાવી : કેજરીવાલ

# દિલ્હીએ પોતાના પુત્ર પર જ વિશ્વાસ કર્યો છે : કેજરીવાલ

## પાર્ટીની જીત બાદ પાર્ટી ઓફિસ ઉપર પહોંચેલ કેજરીવાલે ભારત માતા કી જય, ઈંકલાબ જિંદાબાદના નારા લગાવ્યા

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવી લીધા બાદ અરવિંદ કેજરીવાલે શાનદાર જીત બદલ તમામનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, આ જીત દરેક પરિવારની છે. કેજરીવાલે કહ્યું હતું કે, આજે મંગળવારનો દિવસ છે અને હનુમાનજીનો દિવસ છે. હનુમાનજીએ દિલ્હી પર તેમની કૃપા વરસાવી દીધી છે. કેજરીવાલે કહ્યું હતું કે, દિલ્હીએ તેમના પુત્ર પર વિશ્વાસ કર્યો છે. એક નવી રાજનીતિને જન્મ આપ્યો છે. પાર્ટી ઓફિસમાં કાર્યકરોની સામે આવેલા અરવિંદ કેજરીવાલે આવતાની સાથે જ ભારત માતા કી જય અને ઈંકલાબ જિંદાબાદના નારા લગાવ્યા હતા. વંદેમાતરમ્ના નારા પણ લગાવ્યા હતા. કેજરીવાલે કહ્યું હતું કે, દિલ્હીના લોકોએ ચમત્કાર સર્જ્યો છે. કેજરીવાલે કહ્યું હતું કે, એક નવી રાજનીતિ શરૂ થઈ છે અને આ રાજનીતિ કામની રાજનીતિ છે. તેમણે કહ્યું હતું કે, આ એવા દરેક પરિવારની જીત છે જે લોકોને ફ્રી વિજળી, બાળકોને સારુ શિક્ષણ મળે છે. મોહલ્લા ક્લિનિકને પ્રોત્સાહન મળે છે. દિલ્હીની હોસ્પિટલમાં સારી સુવિધા મળી રહી છે. દિલ્હીની સાથે સાથે સમગ્ર દેશની પણ જીત છે. દિલ્હીના લોકોએ એવો સંદેશ આપી દીધો છે કે, મત એજ લોકોને મળશે જે મોહલ્લા ક્લિનિક બનાવશે. મત એજ લોકોને મળશે જે સસ્તી વિજળી અને ઘેર ઘેર સુધી પાણી પહોંચાડશે. મોહલ્લામાં રસ્તાઓ બનાવશે. ખુબ સારા અને શુભ સંકેત મળી રહ્યા છે. કેજરીવાલે પોતાના સંબોધનમાં એમ પણ કહ્યું હતું કે, જીત એ લોકોની થશે જે લોકો મનની વાત નહીં પરંતુ જનની વાત કરી રહ્યા છે. કેજરીવાલે પાર્ટીની ઓફિસ ઉપર પરિવાર સાથે પહોંચીને કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યકરોનો આભાર પણ માન્યો હતો. સાથે સાથે આગામી પાંચ વર્ષ સુધી વિકાસની રાજનીતિ કરવાની પણ વાત કરી હતી.

સુપ્રીમ કોર્ટે ડેથ વોરંટ જારી કરવા મંજુરી આપી

# નિર્ભયા કેસ : ફાંસીની નવી તારીખો માટે મળેલી મંજુરી

## અપરાધીઓ માટે ડેથ વોરંટ જારી કરવાની માંગણી સાથે તિહાર જેલ વહીવટીતંત્ર સેશન કોર્ટમાં રજૂઆત કરી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી, તા. ૧૧

નિર્ભયાના દોષિતોને જુદી જુદી ફાંસી આપવાની કેન્દ્ર સરકાર અને દિલ્હી સરકારની અરજી ઉપર સુનાવણી કરીને સુપ્રીમ કોર્ટે નવા ડેથ વોરંટ જારી કરવા માટે લીલીઝંડી આપી દીધી છે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે, તિહાર વહીવટીતંત્ર ફાંસીની નવી તારીખ જારી કરાવવા માટે સેશન કોર્ટમાં અરજી કરી શકે છે. આની સાથે સાથે કોર્ટે ચારેય દોષિતોને નોટિસ જારી કરીને તેમની જુદી જુદી ફાંસી માટેના મામલામાં ચુકાદો અનામત રાખ્યો છે. આના પર ૧૩મી ફેબ્રુઆરીના દિવસો નવેસરથી સુનાવણી થશે. બીજ બાજુ નિર્ભયાના માતાપિતાએ નવેસરથ ડેથ વોરંટની માંગ સાથે અરજી દાખલ કરી છે. અગાઉની સુનાવણીમાં જસ્ટિસ આર ભાનુમતિ, જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ બોપન્નાની બેંચે દોષિતોને અલગ અલગ ફાંસી આપવાની તરફેણમાં કેન્દ્ર સરકારની અરજી ઉપર તરત સુનાવણી એમ કહીને ટાળી દીધી હતી કે, દોષિતોને હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા સાત દિવસની સમય મર્યાદાની અંદર તમામ કાનૂની વિકલ્પોનો ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવે. બેંચે કેન્દ્ર સરકાર તરફથી ઉપસ્થિત રહેલા સોલીસીટર જનરલ તુષાર મહેતાની દોષિતોને નોટિસ જારી કરવાના અનુરોધને નજરઅંદાજ કરીને આ મામલામાં વધુ વિલંબ થશે તેમ કહ્યું હતું. નિરાશ મહેતાએ કહ્યું હતું કે, આ સમગ્ર મામલામાં દેશના લોકોની ધીરજની કસોટી થઈ રહી છે. દોષિત મુકેશકુમાર દયા અરજી સહિત તમામ વિકલ્પોનો ઉપયોગ કરી ચુક્યો છે. અક્ષયકુમાર અને વિનય શર્માની દયા અરજી પણ અસ્વિકાર થઈ ચુકી છે. પવન દ્વારા હજુ રજૂઆત કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં વહેલીતકે નિર્ણય લેવામાં આવે તે ખુબ જરૂરી છે. સરકાર દ્વારા વહેલીતકે ફાંસીની રજૂઆત થઈ રહી છે. નિર્ભયાના માતાપિતા દ્વારા ફરી એકવાર મામલામાં વહેલીતકે નિર્ણય લેવા કહ્યું છે.

પ્રજાના જનાદેશને સ્વિકારીએ છીએ : જેપી નડ્ડા

# મત હિસ્સેદારીમાં ભાજપની છલાંગ, કોંગીને મોટો ફટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી, તા. ૧૧

ભારતીય જનતા પાર્ટીએ મતહિસ્સેદારીની દ્રષ્ટિએ તેના દેખાવમાં સુધારો કર્યો છે. જો કે, આખરે તેને નિરાશા હાથ લાગી છે. તેની બેઠકો અને મતહિસ્સેદારી છેલ્લી ચૂંટણીની સરખામણીમાં વધી છે પરંતુ જે રીતે ભારતીય જનતા પાર્ટી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં મહેનત કરી હતી તે મુજબના પરિણામ હાથ લાગ્યા નથી. આખરે નિરાશા હાથ લાગી છે. એએપીએ ફરી એકવાર સપાટો બોલાવ્યો છે. એએપીને ૨૦૧૫માં ૬૭ સીટ મળી હતી જેની સામે તેની પાંચ સીટોમાં ઘટાડો થયો છે પરંતુ જે ભાજપે પ્રચાર કર્યો હતો તે જોતા એએપીને વધારે નુકસાન થયું નથી. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીને છેલ્લી ચૂંટણીની સરખામણીમાં પાંચ સીટોનો ફાયદો થયો છે. જે કોઈ મોટો ફાયદો ગણી શકાય નહીં. અલબત્ત તેની મત હિસ્સેદારીમાં વધારો થયો છે. ભારતીય જનતા પાર્ટીએ તેની હાર સ્વિકારી લીધી હતી અને કહ્યું હતું કે, પ્રજાએ આપેલો ચુકાદો અમે સ્વિકાર કરીએ છીએ. ભાજપના પ્રદેશ અધ્યક્ષ મનોજ તિવારીએ કહ્યું હતું કે, પાર્ટી પ્રજાએ આપેલા ચુકાદાને સ્વિકારે છે અને રચનાત્મક ભૂમિકા અદા કરવાના પ્રયાસ કરશે. ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જગતપ્રકાશ નડ્ડાએ કહ્યું છે કે, રચનાત્મક વિપક્ષની ભૂમિકા અદા કરીને પ્રદેશમાં વિકાસ સાથે જોડાયેલા મુદ્દાઓને ઉઠાવીશું. આમ આદમી પાર્ટીની સરકાર વિકાસની દિશામાં આગળ વધશે. અમે અરવિંદ કેજરીવાલ અને તેમની પાર્ટીને શુભેચ્છા પાછવીએ છીએ. તેમણે એમ પણ કહ્યું હતું કે, અમે જનાદેશનો સ્વિકાર કરીએ છીએ. બીજી બાજુ મનોજ તિવારીએ કહ્યું હતું કે, દિલ્હી ભાજપના વડા તરીકે અમે ઉત્સાહજનક દેખાવ કરી શક્યા નથી પરંતુ કાર્યકરોને હતાશ થવાની જરૂર નથી. કારણ કે, મત ટકાવારીમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૫ની તુલનામાં ભારતીય જનતા પાર્ટીની મત હિસ્સેદારીમાં વધારો થયો છે. જો કે કોંગ્રેસને તો મોટો ફટકો આમાં પણ પડ્યો છે. મત હિસ્સેદારીની દ્રષ્ટિએ ભારતીય જનતા પાર્ટીએ મોટી છલાંગ લગાવી છે. વર્ષ ૨૦૧૫માં ચૂંટણીમાં ભાજપને ૩૨ ટકા મત મળ્યા હતા. કોંગ્રેસને ૧૦ ટકા મત મળ્યા હતા. કેજરીવાલની પાર્ટી આમ આદમી પાર્ટીને ૫૪ ટકા મત મળ્યા હતા. આ વખતે ભારતીય જનતા પાર્ટીને ૩૮ ટકા સુધી મત મળ્યા છે.

## ચૂંટણીમાં કોંગીનું સતત બીજીવાર ખાતુ ન ખુલ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી, તા. ૧૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની હાલત છેલ્લી ચૂંટણી કરતા પણ વધારે ખરાબ થઈ છે. કારણ કે સતત બીજી વખત કોંગ્રેસ પાર્ટીને ખાતુ ખોલવામાં પણ સફળતા મળી નથી. બીજી બાજુ તેના ચૂંટણી મેદાનમાં ઉતરેલા ૭૦ ઉમેદવાર પૈકી ૬૩ ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી દીધી છે. ભારતની સૌથી જુની પાર્ટીની આ પ્રકારની દુર્દશાને લઈને લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે. કોંગ્રેસ પાર્ટીની હાલત દરેક વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ખરાબ હાલત થઈ રહી છે. પૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષીતના નેતૃત્વમાં ૧૫ વર્ષ સુધી દિલ્હીમાં શાસન કરનાર કોંગ્રેસ પાર્ટીને જીત મેળવવામાં સફળતા મળી રહી નથી. તેને એક પણ સીટ મળી રહી નથી. ૨૦૧૫માં કોંગ્રેસ પાર્ટીને કોઈ સીટ મળી ન હતી. કોંગ્રેસ પાર્ટીને માત્ર પાંચ ટકા હિસ્સેદારી પણ મળી શકી નથી.

## ખાનગી કંપનીઓ હવે ૫૦૦ યાત્રી ટ્રેન દોડાવવા સુસજ્જ

નવી દિલ્હી,

ખાનગી મૂડીરોકાણ માટે રેલવેને ખોલી દેવાના પ્રયાસના ભાગરુપે રેલવે મંત્રાલય દ્વારા ૫૦૦થી વધુ પેસેન્જર ટ્રેનો ચલાવવા ખાનગી કંપનીઓને મંજુરી આપવાની મહત્વકાંક્ષી યોજના તૈયાર કરી લીધી છે. ખાનગી કંપનીઓને ૫૦૦થી વધુ યાત્રી ટ્રેનો ચલાવવા, ૭૫૦થી વધુ સ્ટેશનો મેનેજ કરવા અને ખાનગી કંપનીઓ પાસેથી રોલિંગ સ્ટોકની ખરીદી કરવાની પણ તૈયારી કરી છે. નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈનમાં આ તમામ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગામી પાંચ વર્ષ માટે રેલવે દ્વારા નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈનની રચના કરવામાં આવી છે. હજુ સુધી રેલવે મંત્રાલયે જાહેરમાં કહ્યું છે કે, ૧૦૦થી વધુ ઓળખાયેલા રુટ ઉપર ૧૫૦ ટ્રેનો ચલાવવા માટે ખાનગી કંપનીઓને મંજુરી આપવા માટે તે ઉત્સુક છે. મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, નીતિ આયોગ અને રેલવેની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવેલી ડ્રાફ્ટ છુટછાટ સમજૂતિ અને લાયકાત માટેની મુસદ્દા વિનંતીમાં સંબંધિતો પાસેથી વિગત માંગવામાં આવી છે. રેલવે મંત્રાલય રેલવે સ્ટેશનોના રિડેવલપમેન્ટ માટેની યોજના તૈયાર કરી લીધી છે. ભારતીય રેલવે સ્ટેશન વિકાસ નિગમ લિમિટેડ, રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી અને અન્ય કેન્દ્રીય સરકારી સંસ્થાઓ સમગ્ર પ્રક્રિયાને વધુ સરળ બનાવવા ઈચ્છુક છે. લાંબા ગાળાના ભાડા પટ્ટાના આયોજન માટે પણ તૈયારી કરાઈ છે. સ્ટેશનોના સોશિયો ઈકોનોમીક ફિઝિબિલિટી અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ફિઝિબિલિટી અભ્યાસના પરિણામના આધાર પર તબક્કાવાર રીતે રિડેવલપમેન્ટ માટેની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. રિડેવલપમેન્ટ સ્ટેશનોમાં નવી સુવિધાઓ ઉમેરવાની યોજના રહેલી છે જેમાં યાત્રીઓના આગમન, રવાનગીને લઈને સુવિધાઓ, હેરાનગતિ ન થાય તે માટેની વ્યવસ્થા, યોગ્ય ટાઈમ ટેબલ, સ્ટેશનોમાંથી એન્ટ્રી અને એક્ઝિટમાંથી સરળ તૈયારીની બાબતનો સમાવેશ થાય છે. સ્ટેશનો ઉપર ઉપલબ્ધ સુવિધાઓને વધારવાની બાબત પણ આમા સામેલ થયેલી છે. રેલવે બજેટને સામાન્ય બજેટમાં મર્જ કરવામાં આવ્યા બાદ હાલમાં જ રેલવેને લઈને પણ કેટલીક જાહેરાતો કરાઈ હતી. ખાનગી કંપનીઓ દ્વારા હવે ૫૦૦ યાત્રી ટ્રેનો દોડાવવામાં આવનાર છે.

આજીવન હવે બાકીનો ગાળો જેલમાં ગાળવો પડશે

# શેલ્ટર હોમ કેસમાં બ્રજેશને ઉંમરકેદની સજા ફટકારાઈ

બિહારની રાજનીતિમાં ભૂકંપ સર્જનાર મુઝફ્ફરપુર શેલ્ટર હોમ કેસમાં મુખ્ય આરોપી બ્રજેશ ઠાકુરને તેના બાકીના જીવન માટે આજે આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી. ૨૦મી જાન્યુઆરીના દિવસે દિલ્હીની સાકેત કોર્ટે આ મામલામાં બ્રજેશ ઠાકુર સહિત ૧૯ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. આ તમામને શેલ્ટર હોમમાં યુવતીઓ સાથે યૌનઉત્પીડનના દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ કેસમાં કોર્ટે અન્ય ૧૧ આરોપીઓને પણ આજીવન કારાવાસની સજા ફટકારી છે. બીજી બાજુ કોર્ટે એક આરોપી મોહમ્મદ શાહીલ ઉર્ફે વિક્કીને પુરાવાના અભાવે નિર્દોષ છોડી દીધો છે. સીબીઆઈને આ મામલામાં તપાસ સોંપવામાં આવ્યા બાદ ૩૪ના યૌન શોષણના અહેવાલને સમર્થન મળ્યું હતું. બ્રજેશ સહિત ૧૯ લોકોને ૧૦૪૫ પાનાના પોતાના આદેશમાં કોર્ટે દોષિત ઠેરવ્યા હતા. બિહારની રાજનીતિમાં આ મામલાએ જોરદાર આતંક મચાવ્યો હતો. રાજનીતિ પણ ચરમસીમા પર પહોંચી હતી. એડિશનલ સેશન જજ સૌરભ કુલશ્રેષ્ઠની કોર્ટે મુખ્ય આરોપી બ્રજેશ સહિત ૧૯ લોકોને પોતાના આદેશમાં દોષિત ઠેરવ્યા હતા. આ મામલામાં આરોપીઓની સામે પોક્સો એક્ટ હેઠળ પણ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. રાજનીતિમાં નિષ્ફળ રહ્યા બાદ બ્રજેશ ઠાકુરે પ્રભુત્વ વધાર્યું હતું અને દહેશત પણ ફેલાવી હતી. બ્રજેશ ઠાકુરની મુશ્કેલીઓ હવે ક્યારે પણ ઓછી થનાર નથી. બ્રજેશ ઠાકુરને તેના બાકીના જીવન માટે આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી છે. તેની બાકીની લાઈફ હવે જેલમાં જ જશે. બિહારમાં નીતિશ કુમાર ઉપર પણ આને લઈને સવાલ ઉઠ્યા હતા.

## સાવલીમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થીએ કરેલ આત્મહત્યા

અમદાવાદ

વડોદરાના સાવલી કે.જે.આઈ.ટી. કોલેજમાં મીકેનીકલ એન્જિનીયરના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ હોસ્ટેલમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ગઈકાલે બપોરે આ વિદ્યાર્થીએ તેના રૂમની બાજુના ખાલી રૂમમાં જઈ આપઘાત કરી લીધો હતો. બીજીબાજુ, પરિવારજનોએ યુવાનની હત્યાની આશંકા વ્યકત કરી તપાસની ઉગ્ર માંગ કરી છે. બનાવને લઈ પોલીસે સમગ્ર મામલે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, દાહોદ જિલ્લાના ભંભોડી ગામમાં રહેતો રોનક રણજીતસિંહ વશી (ઉં.વ.૧૭) ધોરણ-૧૦ પાસ કર્યા બાદ સાવલી કે.જે.આઈ.ટી. કોલેજમાં ડિપ્લોમાં મીકેનીકલ એન્જિનીયરીંગમાં એડમિશન લીધું હતું અને કોલેજના કેમ્પસ સ્થિત હોસ્ટેલના ૪૦૨ રૂમમાં રહીને અભ્યાસ કરતો હતો. પ્રથમ વર્ષ પૂરું કર્યા બાદ બીજા વર્ષમાં અભ્યાસ કરી રહેલ રોનક વશીએ ગઈકાલે બપોરે ૨-૦૦ થી ૫-૦૦ના સમયગાળામાં પોતાના રૂમની બાજુમાં આવેલા ૪૦૧ નંબરના ખાલી રૂમમાં પ્લાસ્ટીકની દોરીથી પંખા ઉપર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. રોનકના રૂમ પાર્ટનરોને બનાવની જાણ થતાં કોલેજ સત્તાવાળાઓને જાણ કરી હતી. બાદમાં પોલીસ અને રોનકના પરિવારજનોને બનાવની જાણ કરાઈ હતી. પરિવારજનોએ જ્યાં સુધી કોલેજમાં ન પહોંચીએ ત્યાં સુધી રૂમ બંધ રાખવા માટે પોલીસ અને કોલેજના સત્તાવાળાઓને સુચના આપવામાં આવી હતી. જેના કારણે મોડી રાત્રે પરિવારજનો કોલેજમાં આવ્યા બાદ પોલીસે રૂમ ખોલ્યો હતો અને લાશનો કબજો લઈ સાવલી જમનોત્રી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. વશી પરિવારના દિલીપભાઈ બામણે આક્ષેપ કર્યો હતો કે, રોનક મારા પરિવારનો છોકરો છે. તેણે આપઘાત કર્યો નથી. પરંતુ તેની સાથે અજુગતું થયું છે. પ્રથમ દ્રષ્ટીએ જોતા રોનકે આપઘાત કર્યો હોય તેમ જણાતું નથી.

## નલિયામાં પારો ગગડીને ૬.૨ થયો : લોકો ગરમ વસ્ત્રમાં રહ્યા

અમદાવાદ સહિત રાજ્યભરમાં ફરીવાર ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આજે નલિયા ઠંડુગાર રહ્યું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન ૬.૨ ડિગ્રી રહ્યું હતું જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં પારો ૧૦થી ૧૧ ડિગ્રી વચ્ચે રહ્યો હતો. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં આજે પ્રમાણમાં વધુ ઠંડી નોંધાઈ હતી. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ૩થી ચાર ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે. આનો મતલબ એ થયો કે, ઠંડીના પ્રમાણમાં વધુ ઘટાડો થશે. આજે અમદાવાદમાં પારો ૧૨.૪, ગાંધીનગરમાં ૧૨ અને ડિગ્રીમાં ૧૧.૮ રહ્યો હતો. કોલ્ડવેવની કોઈ ચેતવણી જારી કરવામાં ન આવી હોવા છતાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. સવારમાં ઠંડા પવનો ફુંકાયા હતા. નલિયામાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. અહીં પારો ૬.૨ સુધી નીચે પહોંચી ગયો છે. ડિસામાં પણ લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિગ્રી રહ્યું છે. રાજકોટમાં પારો ૧૨.૮ ડિગ્રી રહ્યો છે. ગુજરાતભરમાં ફરી એકવાર ઠંડા પવનોથી સવારમાં જનજીવન ઉપર અસર થઈ રહી છે. અમદાવાદમાં આજે પારો ૧૨.૪ રહ્યા બાદ આવતીકાલે સ્થિતિમાં સુધારો થઈ શકે છે. લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી રહી શકે છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો આજે ૧૦થી ૧૪ વચ્ચે રહ્યો હતો. સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારો ઠંડીના સકંજામાં આવી ગયા છે. અમદાવાદમાં આવતીકાલે લઘુત્તમ તાપમાન આજની સરખામણીમાં વધી શકે છે અને પારો ૧૪ ડિગ્રી રહેશે. ઉત્તર ભારતમાં ઠંડીનો ચમકારો હાલમાં અનુભવાઈ રહ્યો છે. ધુમ્મસની ચાદર પણ અનેક વિસ્તારમાં જોવા મળી રહી છે. ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, હાલમાં દક્ષિણ પૂર્વના પવનો નીચી સપાટી ઉપર ફુંકાઈ રહ્યા છે. આવતીકાલે અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને વાદળછાયુ વાતાવરણ રહેશે નહીં.

Printed, Published, Owner by : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI and Printed at TIRUPATI OFFSET, 3, Bachubhai Dudhwala Building, Opp. Swaminarayan College, Shahalam Tolnaka, Ahmedabad-380022 Published From 131/1561, Dhiraj Housing Society, Haripura, Maninagar (East) Ahmedabad-380008 EDITOR : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI